
Downloaded from https:// www.studiestoday.com

# 1 બજારમાં






Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## અભ્યાસ

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધીને તેનો ક્રમ અક્ષર પ્રશ્ન સામેના ☐ માં લખો :**

(1) ચિત્રમાં દર્શાવેલી બાબતોમાંથી ખરેખર કોને સૌથી વધુ મહત્ત્વ આપવું જોઈએ ? ☐

(ક) અકસ્માતને (ખ) ખરીદીને (ગ) ફરવાને (ઘ) ખાવાપીવાને

(2) તાત્કાલિક સારવાર માટે 108 નંબરની વાન બોલાવવા માટે કયા નંબર પર ફોન કરવો જોઈએ ? ☐

(ક) 100 (ખ) 105 (ગ) 108 (ઘ) 111

**2. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર આપો :**

(1) ચિત્રમાં કયાંકયાં વાહનો દેખાય છે ?

(2) ચિત્રમાં શાનીશાની દુકાન દેખાય છે ?

(3) ચિત્રમાં કેટલાં વૃક્ષો દેખાય છે ?

## સ્વાધ્યાય

**1. ચિત્રનું અવલોકન કરી નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :**

(1) ચિત્રમાં શું શું દેખાય છે તેની યાદી તૈયાર કરો.

(2) ટેન્કરની પાછળ ઊભેલી વ્યક્તિ કોને ફોન કરી રહી હશે ?

(3) ચિત્રમાં દૃશ્યમાન વાહનોનો ઉપયોગ જણાવો.

(4) હેલ્મેટ પહેરનારને અકસ્માતમાં શો ફાયદો થયો ?

(5) શહેરમાં કઈ કઈ નાગરિક સુવિધાઓ ઉપલબ્ધ છે ?

**2. નીચેના પ્રશ્નોના ઉત્તર વિચારીને તમારા શબ્દોમાં લખો :**

(1) ચિત્રમાં દૃશ્યમાન આનંદ પ્રોવિઝન સ્ટોરમાં કઈ કઈ વસ્તુઓ મળતી હશે ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(2) અકસ્માત સ્થળે ભેગા થયેલા લોકો શી વાતચીત કરતા હશે ?

(3) તમારા મતે કયા કારણે અકસ્માત થયો હશે ?

(4) વાહન ચલાવતી વખતે કઈ કઈ સાવધાની રાખવી જોઈએ ?

(5) અકસ્માત સ્થળે 108 કેવી રીતે પહોંચી હશે ?

(6) જો બસસ્ટેશન ન હોય તો લોકોને શી અડચણ પડે ?

(7) કમ્પ્યૂટર-સેન્ટરની મુલાકાત લઈ તેનું વર્ણન કરો.

(8) રાત્રે 12 કલાકથી પેટ્રોલની કિંમતમાં વધારાનો અમલ થનાર છે, પેટ્રોલપંપ પર કેવું દૃશ્ય હશે ?

### પ્રવૃત્તિ

- જૂનાં પુસ્તકો, સામયિકો કે વર્તમનપત્રોમાંથી રંગીન ચિત્રોનાં કટિંગ્ઝ મેળવી સંગ્રહપોથી બનાવો અને તે ચિત્રો પરથી પ્રશ્નોત્તરી તૈયાર કરો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 2 એક જ દે ચિનગારી

હરિહર ભટ્ટ



જન્મ : 1895 મૃત્યુ : 1978

હરિહર પ્રાણશંકર ભટ્ટ અમદાવાદના વતની હતા. તેઓ અધ્યાપક હતા. કેટલોક સમય તેમણે વેધશાળાનું સંચાલન કરેલું. ખગોળ અને ગણિતનાં પુસ્તકો ઉપરાંત સુંદર કાવ્યો પણ લખ્યાં છે. 'હૃદયરંગ' એમનો કાવ્યસંગ્રહ છે.

**'એક જ દે ચિનગારી'** – આ પ્રાર્થના-કાવ્યમાં કવિ પ્રભુ પાસે ધનવૈભવ કે સત્તામહત્તા યાચતા નથી. 'મહાનલ'રૂપી પરમાત્મા પાસેથી એ તો માત્ર 'એક જ ચિનગારી'ની અપેક્ષા રાખે છે. કેવી નમ્ર છતાં ભવ્ય રચના !

એક જ દે ચિનગારી,
મહાનલ ! એક જ દે ચિનગારી
ચકમક લોઢું ઘસતાં-ઘસતાં
ખરચી જિંદગી સારી;
જામગરીમાં તણખો ન પડ્યો,
ન ફળી મહેનત મારી;
મહાનલ ! એક જ દે ચિનગારી
    ચાંદો સળગ્યો, સૂરજ સળગ્યો,
    સળગી આભઅટારી;
    ના સળગી એક સગડી મારી -
    વાત વિપતની ભારી;
    મહાનલ ! એક જ દે ચિનગારી
ઠંડીમાં મુજ કાયા થથરે;
ખૂટી ધીરજ મારી;
વિશ્વાનલ ! હું અધિક ન માગું -
માગું એક ચિનગારી;
મહાનલ ! એક જ દે ચિનગારી.





Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## શબ્દસમજૂતી

**ચિનગારી** (અહીં) જ્ઞાન અથવા સમજનો તણખો **મહાનલ** (અહીં) અગ્નિ-સ્વરૂપ પરમાત્મા, અગ્નિ તે ચૈતન્યનો, પ્રાણનો અગ્નિ **ઠંડીમાં** (અહીં) જડતાની, નિષ્ક્રિયતાની મૃત્યુ જેવી ઠંડીમાં

## ભાષાસજ્જતા

**સ્વર અને વ્યંજન :**

ભાષાનો નાનામાં નાનો ઘટક (એકમ) તે ધ્વનિ છે. ભાષાના આવા ધ્વનિઓને આપણે પરંપરાથી 'સ્વર' અને 'વ્યંજન' તરીકે ઓળખાવીએ છીએ.

ફેફસાંમાંથી નીકળતી હવા શ્વાસનળી દ્વારા ત્યારે સ્વરપેટી-નાદતંત્રીઓમાં આવે ત્યારે અવરોધાય છે ને પછી મુખપથ કે નાસિકાપથ દ્વારા બહાર આવે છે ત્યારે ધ્વનિરૂપે સંભળાય છે.

● **સ્વર** : મોં કે નાકમાંથી ધ્વનિરૂપે સંભળાતું એ વાયુમોજું કોઈ અવરોધ વિના, જુદાં-જુદાં પોલાણોમાંથી આંદોલિત થઈને બહાર આવે ત્યારે **સ્વર** સંભળાય છે.

**દા.ત.,** અ, આ, ઈ, ઊ, એ, ઓ, .... વગેરે.

● **વ્યંજન** : મોં કે નાકમાંથી ધ્વનિરૂપે સંભળાતું એ વાયુમોજું ક્યાંક પૂરેપૂરું કે આંશિક રીતે અવરોધાઈને બહાર આવે ત્યારે **વ્યંજન** સંભળાય છે.

વ્યંજન એટલે વિ + અંજન, અંજન એટલે આંજવું, મેળવણી કરવી. જે ધ્વનિઘટક એકલો (સ્વતંત્ર) ન ઉચ્ચારાય પણ સ્વરની વિશિષ્ટ (વિ) મેળવણી કરવી પડે તેને વ્યંજન કહે છે.

● **અઘોષ ધ્વનિ** : નાદતંત્રી, મહદ્ અંશે અલ્પમાત્રા (અકંપ અવસ્થા)માં કંપે ને જે ધ્વનિ ઉત્પન્ન થાય તે **અઘોષ ધ્વનિ.**

**દા. ત.,** ક ખ, ચ, છ, ટ, ઠ, ત, થ...

● **ઘોષ ધ્વનિ** : નાદતંત્રી, સહેજ વધુ કંપનની અવસ્થામાં હોય ત્યારે જે ધ્વનિ ઉત્પન્ન થાય તે **ઘોષ ધ્વનિ.**

**દા.ત.,** ગ, ઘ, જ, ઝ, ડ, ઢ, દ, ધ....

| | કંઠ્ય | | તાલવ્ય | | (મૂર્ધન્ય) વર્ત્સ્ય | | દંત્ય | | ઓષ્ઠ્ય | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અઘોષ | ઘોષ | અઘોષ | ઘોષ | અઘોષ | ઘોષ | અઘોષ | ઘોષ | અઘોષ | ઘોષ |
| અલ્પપ્રાણ > | ક | ગ | ચ | જ | ટ | ડ | ત | દ | પ | બ |
| મહાપ્રાણ > | ખ | ઘ | છ | ઝ | ઠ | ઢ | થ | ધ | ફ | ભ |



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**ઘોષ-અઘોષ** સંજ્ઞાઓ છે, જે ધ્વનિના ઉચ્ચારણ વખતે નાદતંત્રીની વિશિષ્ટ સ્થિતિ દર્શાવે છે.

**અલ્પપ્રાણ-મહાપ્રાણ** સંજ્ઞાઓ છે, જે ધ્વનિના ઉચ્ચારણ વખતે અવરોધ થતાં કે અવરોધ દૂર થતાં, આવતા હવાના ધક્કાના જથ્થાને દર્શાવે છે.

**દા.ત.,** 'ક', 'ખ' અઘોષ છે. અકંપ કે અલ્પ માત્રાનો કંપ અનુભવતા ધ્વનિઓ છે. 'ક' કરતાં 'ખ'ના ઉચ્ચારમાં નાદતંત્રીમાંથી હવા પસાર થાય છે, તે સાથે હવાનો જથ્થો નવો ધ્વનિ ઉત્પન્ન કરે છે તે જુઓ. આ મહાપ્રાણ ધ્વનિ છે.


● **અનુનાસિક ધ્વનિ :** મોં(મુખ)નો માર્ગ, અવરોધને કારણે બંધ થઈ જતાં, હવાનું મોજું નાક(નાસિકા) દ્વારા પસાર થાય ત્યારે અનુનાસિક ધ્વનિ સંભળાય છે.

ક, ખ, ગ, ઘ, [ઙ], ચ, છ, જ, ઝ, [ઞ], ટ, ઠ, ડ, ઢ, [ણ], ત, થ, દ, ધ, [ન], પ, ફ, બ, ભ, [મ]

[ ]માંના ધ્વનિઓ અનુનાસિક ધ્વનિઓ છે.

**અક્ષર :** મોટે ભાગે આપણે 'વર્ણ'ને જ 'અક્ષર' કહીએ છીએ, પણ ભાષાના વિદ્યાર્થી તરીકે એનો ભેદ સમજી લેવો જરૂરી છે. 'વણ'માં સ્વર અને વ્યંજનનો સમાવેશ થાય છે, 'અક્ષર'માં માત્ર સ્વરની તીવ્રતા જ.

**દા.ત.,** 'પ્રાંત' શબ્દ જુઓ. પ્ + ર્ + આ + ન્ + ત્ + અ




આ શબ્દમાં છ વર્ણ (letters) છે, જેમાં સ્વર-વ્યંજનનો સમાવેશ છે, પણ અક્ષર (syllable - શ્રુતિ) બે છે, જેમાં સ્વરોનો સમાવેશ થાય છે.

**1. નીચેના વ્યંજન-સ્વરને જોડીને શબ્દ બનાવો :**

(1) ખ્ + અ + ર્ + અ + ચ્ + ઈ =

(2) ત્ + અ + ણ્ + અ + ખ્ + ઓ =

(3) ચ્ + ઈ + ન્ + અ + ગ્ + આ + ર્ + ઈ =

**2. નીચેના શબ્દોમાંથી ધ્વનિઓ છૂટા પાડી તે સ્વર છે કે વ્યંજન તે જણાવો :**

જન, સળગી, મહાનલ.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## અભ્યાસ

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધીને તેનો ક્રમ અક્ષર પ્રશ્ન સામેના ☐ માં લખો :**

(1) કવિ ઈશ્વર પાસે શું માગે છે ? ☐

(ક) જિંદગી (ખ) આભઅટારી (ગ) ધનસંપત્તિ (ઘ) ચિનગારી

(2) તણખો ક્યાં ન પડ્યો ? ☐

(ક) ચિનગારીમાં (ખ) જામગરીમાં (ગ) સગડીમાં (ઘ) વિપતમાં

**2. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર આપો :**

(1) કવિ પોતાની મહેનત એળે ગઈ એમ શા માટે કહે છે ?

(2) કવિ કઈ વાતને ભારે વિપતની ગણે છે ?

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના તમારા શબ્દોમાં ઉત્તર લખો :**

(1) કવિ માત્ર એક જ ચિનગારી શા માટે માગે છે ?

(2) 'જીવન ખરચી નાખવું' એટલે શું કરવું ?

(3) 'મહેનત ફળવી' એટલે શું ?

(4) 'જામગરી' શબ્દ અહીં કયા અર્થમાં વપરાયો છે ?

**2. (અ) નીચેના શબ્દોના બે-બે સમાનાર્થી શબ્દો લખો :**

(1) આનલ (2) વિપત (3) ચાંદો

(4) સૂરજ (5) કાયા (6) લોઢું

**(બ) નીચેના શબ્દોનો ઉપયોગ કરી દસથી બાર લીટીમાં એક ફકરો લખો :**

મંદિર, બંદગી, કુરાન, દેરાસર, અગિયારી, કલ્પસૂત્ર, બાઈબલ, ગુરુદ્વારા, ગ્રંથસાહેબ, ત્રિપિટક, પેગોડા, ભગવદ્‌ગીતા.

**3. નીચેના શબ્દો વચ્ચેનો સંબંધ સમજાવો :**

(1) સગડી અને આભઅટારી (2) કાયા અને માયા (3) થથરે અને ફફડે

### પ્રવૃત્તિ

- પ્રાર્થનાગીતો મેળવો અને ગાઓ.




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 3 જુમો ભિસ્તી

ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી 'ધૂમકેતુ'

જન્મ : 12–12–1892 મૃત્યુ : 11–03–1965



ધૂમકેતુ જન્મ સૌરાષ્ટ્રમાં ગોંડલ પાસેના વીરપુરમાં થયો હતો. ટૂંકી વાર્તાને કલામય ઘાટ આપી, તેના સ્વરૂપને વિકસાવનાર 'ધૂમકેતુ'નું ગુજરાતી સાહિત્યમાં ચિરંજીવ સ્થાન છે. એ દૃષ્ટિએ 'તણખા મંડળ'માંની વાર્તાઓનું ગુજરાતી સાહિત્યમાં વિશિષ્ટ સ્થાન છે. ટૂંકીવાર્તા ઉપરાંત નવલકથાઓ, પ્રવાસવર્ણનો અને આત્મકથા જેવાં સાહિત્યસ્વરૂપો તેમણે ખેડ્યાં છે.

આ વાર્તામાં માનવી અને પશુ વચ્ચેના નિઃસ્વાર્થ પ્રેમનું, મૈત્રીની ભાવનાનું હૃદયંગમ નિરૂપણ થયેલું છે. જુમો પોતાના પાડાને સાચવીને રાખે છે, એને લાડ કરે છે, એને બચાવવા વલખાં મારે છે અને એની સાથે મોતને ભેટવાની તૈયારી બતાવે છે. તે જ રીતે પાડો પણ પોતાના માલિકને સમજદારીથી બચાવી લે છે. થોડી ચૂંટેલી વિગતોથી જ વાતાવરણ જમાવવાની 'ધૂમકેતુ'ની શક્તિનો ખ્યાલ આ વાર્તા પરથી અવશ્ય આવશે.

---


આણંદપુરના એ ખૂણામાં ઝૂંપડાં જેવાં માત્ર ત્રણ મકાનો પોતાના દેખાવથી આવતાં જતાંનું લક્ષ ખેંચી રહેતાં. જૂની ખખડધજ આમલી ત્રણે મકાનોને ઢાંકતી, ચારે તરફ ગટરની દુર્ગંધ છૂટતી અને ધૂળના ગોટા ઊડતા. પતરાનાં, પાટિયાનાં અને ગૂણિયાનાં એમ અનેકરંગી થીંગડાં મારેલી ખડકી ખુલ્લી રહેતી. અંદર એક ફાટેલ-તૂટેલ સાદડી પર જુમો ભિસ્તી પોતાનો હોકો ગગડાવતો બેઠો હોય. જુમાએ સોનારૂપાના વાસણથી માંડીને ઠીકરાની ફૂટેલી હાંડલી સુધી બધા તડકાછાંયડા જોઈ લીધા હતા. જન્મ્યો ત્યારે શ્રીમંત માબાપને ત્યાં એક હાથમાંથી બીજા હાથમાં ફર્યા કરતો. હજી એને સાંભરતું હશે કે પોતે દસ વર્ષનો થયો ત્યારે હાથી પર બેસીને પરણવા નીકળેલો. એ વખતે તેણે શોખ ખાતર એક પાડો પાળેલો. આજ અનેક રંગો જોયા પછી બન્ને જણા - વેણુ અને જુમો - સાથે રહેતા. વેણુ નામ વિચિત્ર હતું, પણ જ્યારે પૈસાની છોળ આંગણે રેલાતી ત્યારે જુમાને અનેક મિત્રો હતા; તેમાંથી કોઈક સાહિત્યરસિક હિંદુ મિત્રે પાડાને આવું કુમળું - વેણુ જેવું - નામ આપી દીધેલું. પછી તો એ ચાલ્યું. જુમો લક્ષાધિપતિ હતો; ભિખારી બની ગયો. વળી ચડ્યો, પાછો પડ્યો અને આજે છેવટે આ ત્રણ તૂટેલાં ઝૂપડાંમાં એનો બધો સામાન સચવાઈ રહેતો. એકમાં વેણુ બંધાતો;



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

વચ્ચે બારણું હતું તેમાંથી શેઠ ને નોકર આખો દિવસ એકબીજાની સામે જોઈને બેસી રહેતા; અને ત્રીજા ઝૂંપડામાં ઘાસ ભરાતું. અનેક મિત્રો આવ્યા, ગયા, મળ્યા અને ટક્યા. માત્ર જુમો અને વેણુ બાળપણથી આજ સુધી અખંડ રહ્યા હતા.



આજ હવે વેણુની પીઠ ઉપર મોટી મોટી મશક ભરીને જુમો સવારના પાંચ વાગ્યામાં નીકળતો. વેણુની ઘંટડી ધીમે વાગતી હોય ને જુમો એકાદ ગઝલ કે ગીત લલકારતો ચાલ્યો જતો હોય. બારણે બારણે પાણી ભરી દીધા પછી શેઠ ને નોકર બંને પાછા વળતા. જુમાએ એક પૈસાનાં ગાજર કે બહુ તો ટામેટાં કે ભાજી પોતાના શાક માટે અને બથ ભરીને ગદબ-જેને વેણુ પાછળથી ખાતો આવતો હોય-પાડા માટે લીધાં હોય. બસ, આ હમેશાંની ખરીદી. આ જીવનને આટલું કામ. એથી વધુ ક્યારેય કરવું નહીં. કોઈ વધુ કામ આપે તો લેવું નહીં, ને ઘરાક હોય તેમાંથી ઘટે તો બીજાને ઘરાક થવા કહેવું નહીં. બપોરથી માંડીને છેક સાંજ સુધી જુમો હોકો ગગડાવ્યા કરતો; અને તેના સંગીતમાં લીન થતો હોય તેમ, પેલો પાડો પણ માખીને ઉડાડવા કાન ફફડાવતો આંખ મીંચીને ઊંઘતો હોય કે જાગતો સૂતો હોય. શેઠ ને નોકર બપોરથી સાંજ સુધી સામસામે એકબીજાને નિહાળ્યા કરતા !



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

છેક સાંજે બન્ને મિત્રો ફરવા નીકળતા અને નદીના કાંઠા સુધી જઈ પાછા વળતા. વખતે સવારે કામ થોડું હોય તો સવારે પણ નીકળી પડતા.

એક દિવસ સવારે પાંચ વાગ્યે આ પ્રમાણે બન્ને ફરવા નીકળ્યા. જુમાનો વિચાર હતો કે પાડો થોડું ઘણું ચરે તો સારું, પણ વેણુને એમ લાગ્યું કે એમ બહાર ખાતા ફરવું એ ગૃહસ્થાઈનાં લક્ષણ નહીં ! એટલે જુમો ખવડાવવાનું કરે તો પણ પાડો રણકીને સામો ઊભો રહે અને 'ના, નહીં ખાઉં' એમ સ્પષ્ટ સંભળાવી દે !

અંતે જુમો થાક્યો : ''ચાલ ત્યારે, ઘેર જઈને ખાજે. તને પણ લાડ કરવાની ટેવ પડી છે !''

વિજય થયો હોય તેમ પાડો આનંદમાં રણક્યો. પોતાના પૂંછડાને બરડા પર પછાડ્યું ને જુમાની સામે જોઈ કાન ફફડાવી 'રણક' કરતોક તે ચાલ્યો. જીતના આનંદમાં પહેલાં તો એ થોડુંક દોડ્યો.

''જો ! જો ! હવે પાછો વાળું કે ? દોડવાનું છે ?'' જુમાએ મોટેથી ઠપકાથી બૂમ પાડી, પણ તે પહેલાં વેણુ તો રસ્તે ચડી ગયો હતો. રસ્તામાં આડે રેલવેની સડક હતી. જરાક ઉતાવળે ચાલતાં, પાડાનો પગ રેલના બે પાટાની વચ્ચે આવી ગયો. પગને કાઢવા તેણે પ્રયત્ન કર્યો, પણ ફોગટ. ધબ દઈને નીચે બેસી ગયો, ને જેમ જેમ પગ કાઢવા પ્રયત્ન કર્યો તેમ તેમ વધારે ને વધારે ભરાતો ગયો. જુમો પાછળ હતો. તે શ્વાસભેર દોડ્યો આવ્યો. તેણે આવીને પાડાનો પગ લઈ આમતેમ મચડ્યો, પણ બધું વ્યર્થ !

આછું અંધારું ને આછો ઉજાસ હતો. થોડે દૂર સિગ્નલનો હાથો નમેલો દેખાતો હતો. જુમાના પેટમાં ધ્રાસકો પડ્યો : 'ગાડી આવશે તો !'

તે એકદમ રસ્તા તરફ દોડ્યો. સવારના વહેલા ફરવા નીકળેલા બે શોખીન જુવાનોને તેણે આવતા જોયા. તેમના એકેક હાથમાં નેતરની સોટીઓ ઊછળતી હતી અને ખુશનુમા હવા લેવા માથા પરની ટોપીઓ ઉતારી બીજા હાથમાં લઈ લીધી હતી. ગાંડા દોડે તેમ જુમો દોડ્યો.

''એ ભાઈસાબ ! મારો વે...મારો પાડો. અબઘડી કપાઈ જશે. જુઓ, પણે જુઓ - પેલા પાટામાં સપડાયો છે !''

બન્ને જણાએ જુમાએ દેખાડ્યું ત્યાં જોયું. કાંઈક કાળું તરફડતું લાગ્યું.

''શું છે ?''

''મારો વેણુ - પાડો !''



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

"ઓહો ! ... જા, જા, ફાટકવાળા પાસે દોડ..."

"તમે, માબાપ, ટેકો દો તો પગ નીકળી જાય, જીવ બચે !"

"અમે ? તું દોડ, દોડ, ફાટકવાળાને કહે !" એમ કહીને એ બન્ને જણા તો ચાલતા થઈ ગયા ! જુમો ફાટકવાળા તરફ દોડ્યો, પણ ઘરમાંથી આવતા ઘંટીના અવાજ સિવાય કોઈ માણસ ફરકતું લાગ્યું નહીં. એટલામાં છેટે ગાડીની સિસોટી સંભળાઈ. જુમાએ ચારે તરફ એક નિરાશ દૃષ્ટિ ફેંકી, પણ માણસનું કોઈ છૈયું સરખુંયે જણાયું નહીં. ઝપાટાબંધ સિગ્નલના થાંભલા તરફ દોડ્યો. સાંકળ ખેંચી. ઘંટીના અવાજમાં તેનો સાદ સંભળાય તેમ હતું નહીં ! તેણે જોરથી બારણામાં પાટું માર્યું.

"એ કોણ ?"

"એ ચાલો ! ભાઈ-બહેન ! સિગ્નલ ફેરવો; મારું જનાવર કચરાઈ જશે !"

"ઘેર કોઈ ભાઈમાણસ નથી." -બસ, આટલા બેદરકાર જવાબની સાથે જ ઘંટી ફરીથી ગાજવા માંડી.

"દોડો ! દોડો !... મારું જનાવર કપાય છે !"

જુમાએ હતું તેટલું બળ કરીને ચીસ પાડી; પણ એના કર્કશ પડઘા સિવાય શાંતિ જેવી હતી તેવી જ રહી ! જુમાએ આકાશ તરફ જોયું. છેલ્લો તારો આથમતો હતો. અજવાળું વધવાને બદલે ધુમ્મસ પથરાતું હતું. ગાડીનો અવાજ તદ્દન નજીક આવતો હતો. તેણે પોતાની લાકડી ફેંકી દીધી.

"યા પરવરદિગાર !" તેણે મોટેથી બૂમ પાડી.

એટલું બોલીને જુમો એકદમ દોડ્યો. વ્યર્થ મહેનત પછી વેણુ થાકીને હાંફતો પડ્યો હતો. તેની ગોદમાં તે ભરાઈ બેઠો. વેણુએ તેને શાંત રીતે ખંજવાળ્યા કર્યું.

"દોસ્ત ! ભાઈ ! વેણુ ! આપણે બન્ને સાથે છીએ હોં !" અને એમ કહીને જુમો છેક તેના પગ પાસે દોડ્યો.

દર પળે ટ્રેનના ધબકારા વધ્યા, સિસોટી પર સિસોટી થઈ. જોશબંધ ફરતાં પૈડાં સંભળાયાં. જુમો વેણુને ભેટી પડ્યો. પણ જેવી ગાડી છેક પાસે આવી કે તરત જ, પોતે બેભાન થાય તે પહેલાં વેણુએ માથું ઊંચક્યું, અને પોતાના શેઠને બચાવવા એક ઝપાટે માથું મારીને તેને પાટાથી દૂર ફેંકી દીધો !

વેણુ પર થઈને આખી ટ્રેન ચાલી ગઈ. તેના ધગધગતા લોહીના પ્રવાહથી જુમાનું કેડિયું ભીંજાઈ ગયું. તેને કળ વળી ને બેઠો થયો, ત્યારે લોહીના ખાબોચિયામાં ઢંકાયેલા થોડા છૂટાછવાયા ભાગ સિવાય તેના પ્યારા મિત્ર વેણુનું કાંઈ પણ નામનિશાન રહ્યું ન હતું !



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

હજી પણ હંમેશાં જુમો સવારમાં જ એકલો, અશાંત, એ રસ્તે ફૂલ લઈને આવતો દેખાય છે, અને એના એક માનીતા પથ્થર પર ફૂલ મૂકીને 'વેણુ ! વેણુ ! વેણુ ...!' એમ ત્રણ બૂમ પાડીને ચાલ્યો જાય છે.

## શબ્દસમજૂતી

**લક્ષ** ધ્યાન **ખખડધજ** ખખડેલું, વૃદ્ધ છતાં મજબૂત બાંધાનું **હાંડલી** નાની માટલી, માટીનું પાત્ર **તડકા-છાંયા** સુખ-દુ:ખ **ખાતર** (અહીં) માટે **છોળ** (અહીં) રેલમછેલ **લક્ષાધિપતિ** લખપતિ, શ્રીમંત **મશક** પાણી ભરવાનું ચામડાનું સાધન **ગદબ** ઢોરને ખવડાવવામાં આવતી એક વનસ્પતિ, રજકો **પરવરદિગાર** ઈશ્વર

## રૂઢિપ્રયોગો

**તડકા-છાંયડા જોવા** – સુખ-દુ:ખમાંથી પસાર થવું **પૈસાની છોળ રેલાવી** – ખૂબ પૈસા હોવા

## ભાષાસજ્જતા

### વાક્યપ્રયોગ

ધોરણ 7માં આપણે વિધાન, નિષેધવાક્ય, ઉદ્‌ગારવાક્ય, પ્રશ્નાર્થવાક્ય વિશે સમજ મેળવી ચૂક્યાં છીએ.

વાક્યોનાં મુખ્ય બે પદો છે : કર્તા અને ક્રિયાપદ. ઉપરાંત ત્રીજું પદ પણ સમાવિષ્ટ છે, તે કર્મ છે. વાક્યમાં પ્રયોજાતાં આ ત્રણેય પદોમાં કોની પ્રધાનતા છે. તેને આધારે વાક્યના ત્રણ પ્રકાર પાડી શકાય છે : (1) કર્તરિપ્રયોગ (2) કર્મણિપ્રયોગ (3) ભાવેપ્રયોગ

આ ઉપરાંત પ્રેરક વાક્યરચના પણ થતી હોય છે.

### (1) કર્તરિપ્રયોગ

- કર્તાની પ્રધાનતા હોય છે.
- જેમાં કર્તાનાં લિંગ, વચન મુજબ પ્રત્યયો ગોઠવાયેલા હોય છે.

**ઉદા.**

જુમાએ શોખ ખાતર એક પાડો પાળ્યો.

જુમો ભિસ્તી પોતાનો હોકો ગગડાવતો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

મહાનલે એક ચિનગારી આપી.

જુમો સવારનો પાંચ વાગ્યાનો નીકળ્યો.

તેણે મોટેથી બૂમ પાડી.

કોઈ દાંત વગર ખાઈ શકે ખરું ?

તે એકદમ રસ્તા તરફ દોડ્યો.

જુમો અને વેણુ ફરવા નીકળ્યા.

જે કર્તરિપ્રયોગ સકર્મક હોય તેનું કર્મણિપ્રયોગમાં અને અકર્મક હોય તેનું ભાવેપ્રયોગમાં રૂપાંતર કરી શકાય છે.

## (2) કર્મણિપ્રયોગ

- કર્મની પ્રધાનતા જોવા મળે છે.
- સકર્મક વાક્યરચના હોય છે.
- કર્મનાં લિંગ, વચન મુજબ પ્રત્યયો ગોઠવાયેલા હોય છે.

**ઉદા.**

જુમાથી શોખ ખાતર એક પાડો પળાયો.

મહાનલ તરફથી એક ચિનગારી અપાઈ.

કર્મણિપ્રયોગમાં કેટલીક વાર કર્તા વગરની વાક્યરચના પણ જોવા મળે છે, એટલે કે કર્તાનો લોપ થયો હોય તેવાં વાક્યોનો ઉપયોગ થાય છે.

**ઉદા.**

દાંત વગર કાંઈ ખવાય ?

## (3) ભાવેપ્રયોગ

- ક્રિયાપદની પ્રધાનતા હોય છે.
- અકર્મક વાક્યરચના હોય છે.

**ઉદા.**

જુમાથી સવારમાં ફરવા નીકળાયું.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

તેનાથી મોટેથી બૂમ પડાઈ.

તેનાથી એકદમ રસ્તા તરફ દોડાયું.

જુમા અને વેણુથી ફરવા નીકળાયું.

### (4) પ્રેરક વાક્યપ્રયોગ

ક્રિયાપદમાં જ્યારે ક્રિયા કરવા માટે પ્રેરવાનો અર્થ હોય ત્યારે પ્રેરક વાક્યપ્રયોગ બને છે. પ્રેરક વાક્યરચનામાં ક્રિયાપદનું પ્રેરક રૂપ વપરાય છે.

**ઉદા.**

| સાદું વાક્ય | પ્રેરક વાક્ય |
|---|---|
| જુમો બૂમો પાડે છે. | જુમો લોકો પાસે બૂમો પડાવે છે. |
| અક્ષય લેસન કરે છે. | અક્ષય લેસન કરાવે છે. |

**નોંધ :** પ્રેરક પ્રયોગમાં (પ્રેરિત કર્તા) મૂકીને પણ પ્રેરક વાક્યની રચના થઈ શકે છે.

## અભ્યાસ

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધીને તેનો ક્રમ અક્ષર પ્રશ્ન સામેના ☐ માં લખો :**

(1) જુમાની વેણુ પ્રત્યેની લાગણીને શું કહેવાય ? ☐

(ક) માનવપ્રેમ (ખ) પશુપ્રેમ (ગ) માનવતા (ઘ) લાગણીવેડા

(2) જુમો વેણુને ખવરાવવા રોજ શું ખરીદતો હતો ? ☐

(ક) જુવાર (ખ) બાજરી (ગ) ગદબ (ઘ) સૂકું ઘાસ

(3) જુમો કોના ઉપર બેસીને પરણવા ગયો હતો ? ☐

(ક) હાથી પર (ખ) ઘોડા પર (ગ) પાડા પર (ઘ) વેણુ પર

**2. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર આપો :**

(1) પાડાનું નામ વેણુ કોણે પાડ્યું હતું ?

(2) વેણુનો બચાવ શક્ય ન લાગતાં જુમો શો નિર્ણય કરે છે ?

(3) જુમા સાથેની દોસ્તી અંત સમયે વેણુ કેવી રીતે નિભાવે છે ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :**

(1) જુમો અને વેણુ દિવસ દરમ્યાન શું કરતા હતા ?

(2) જુમાએ વેણુને બચાવવા કયા પ્રયત્નો કર્યા ?

(3) વાર્તાના છેલ્લા વાક્યનું શું મહત્ત્વ છે તે સમજાવો.

**2. નીચેના પ્રશ્નોના ઉત્તર વિચારીને લખો :**

(1) જુમાની જગ્યાએ તમે હો તો શું કરો ?

(2) શું બન્યું હોત તો વેણુ બચી ગયો હોત ?

(3) તમને ગમતા પ્રાણી માટે તમે શું કરો છો ?

(4) આ વાર્તાનું શીર્ષક 'વેણુ' રાખીએ તો તે માટેનાં કારણો આપો.

**3. નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ લખો :**

શ્રીમંત, દુર્ગંધ, કર્કશ, આનંદ, ગદબ, હાંડલી.

## પ્રોજેક્ટ

સ્થાનિક કક્ષાએ થતા પશુ-પક્ષીઓના અકસ્માતો નિવારવાના ઉપાયો પ્રૉજેક્ટ વર્ક દ્વારા તારવવા. દા.ત., ઉત્તરાયણ દરમ્યાન થતા અકસ્માતો.

### પ્રવૃત્તિઓ

- છાપાંમાં પ્રગટ થતા પ્રાણીપ્રેમના પ્રસંગો એકત્રિત કરો.
- તમને મનગમતું પ્રાણીનું ચિત્ર કાગળ પર ચોંટાડી, તેના વિશે પાંચ વાક્યો લખો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 4 તને ઓળખું છું, મા

મનોહર ત્રિવેદી

જન્મ : 4–4–1944



કવિ મનોહર રતિલાલ ત્રિવેદીનું વતન ભાવનગર જિલ્લાનું સુરનિવાસ ગામ છે. તેઓ ઢસા જંકશનની હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે સેવા આપીને નિવૃત્ત થયા છે. 'મોંસૂઝણું', 'છુટ્ટી મૂકી વીજ' અને 'મિતવા' એમના કાવ્યસંગ્રહો છે. બાળસાહિત્યમાં પણ એમનું નોંધપાત્ર પ્રદાન છે. 'ગજવામાં ગામ' અને 'નાતો' તેમના વાર્તાસંગ્રહો છે, તેમજ 'નથી' નામે એક નવલકથા પણ એમણે આપી છે. આ સર્જકનાં કેટલાંક પુસ્તકો પુરસ્કૃત પણ થયાં છે.

'તને ઓળખું છું, મા' એક ઊર્મિગીત છે. કવિએ અહીં આગવી શૈલીમાં માતૃમહિમા ગાયો છે. ગીતનો નાયક અહીં વિનમ્રભાવે માતૃઋણનો સ્વીકાર કરે છે. જીવનમાં મુશ્કેલીઓ આવે, પીડા સહન કરવાની આવે, કોઈ સ્વજન ધિક્કારે, ઉપેક્ષા કરે એવા સંજોગોમાં માતાની મમતા જ સંતાનને પોતાના પગ પર ઊભા રહેવાનું બળ પૂરું પાડે છે. માતાનાં દુઃખણાં-ઓવારણાંમાં આવું અમૃત ભર્યું છે. ટાચકા ફૂટે ને પીડા પળભરમાં છૂ થઈ જાય ! ગીતના અંતમાં નાયક બોલી ઊઠે છે : 'સ્મરણ-સ્મરણ તીરથ : તારી એમ કરું પરકમ્મા' માતાના સ્મરણ દ્વારા તેમની પાવન પરિક્રમા કરાવતું આ ગીત વારંવાર માણવાનું ગમે એવું છે.

---



તને ઓળખું છું, મા !

સરે અચાનક હોઠેથી બસ, એક વેણ તે, ખમ્મા !

ખમ્મા કહેતાં પાંપણ પરથી નહીં ખરેલાં આંસુ,

ઘરને ખૂણે એકલવાયું વરસે છે ચોમાસું,

મળે લ્હેરખી : હોઉં ભલે હું લૂ-ઝરતા મારગમાં....

તરણા પેઠે ચાવે કે હડસેલે, કોઈ ફેંકે

પગ પર ઊભો થાઉં ફરી તારી મમતાના ટેકે

દશે ટેરવાં અડે ને પીડા છૂ થાતી પળભરમાં....



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ઘરથી જાઉં દૂર છતાં તું હોય આંખની સામે
કોણ અભાગી હોય જે માને આમ સદા ના પામે ?
સ્મરણ-સ્મરણ તે તીરથ : તારી એમ કરું પરકમ્મા....
તને ઓળખું છું, મા !

## શબ્દસમજૂતી

**સરે** નીકળે, સરી પડે **ખમ્મા** 'ક્ષેમકુશળ રહો' - 'દુઃખ ન થાઓ' એવો ઉદ્‌ગાર **પરકમ્મા** પવિત્ર જગ્યા કે વ્યક્તિની ચારેબાજુ ગોળગોળ ફરવું તે **ટેરવું** આંગળીના છેડાનો ભાગ

## અભ્યાસ

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધીને તેનો ક્રમ અક્ષર પ્રશ્ન સામેના ☐ માં લખો :**

(1) બાળકના ક્ષેમકુશળ માટે માતાના મુખેથી કયો શબ્દ વારંવાર સરી પડે છે ? ☐

(ક) ખમ્મા (ખ) ઓવારણાં (ગ) અભાગી (ઘ) સાચવજે

(2) બાળકનું દુઃખ લઈ લેવાના ભાવથી માતા શું કરે છે ? ☐

(ક) માથે હાથ ફેરવે છે. (ખ) ઓવારણાં લે છે.

(ગ) હાથ પકડી બેઠો કરે છે. (ઘ) સતત તેની સાથે રહે.

**2. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર આપો :**

(1) કવિને માતાની લહેરખી ક્યારે અનુભવાય છે ?

(2) માની મમતાને ન પામી શકનાર માટે કવિ કયો શબ્દ વાપરે છે ?

(3) કવિ માતાની પરકમ્મા કેવી રીતે કરે છે ?

(4) 'એકલવાયું વરસે છે ચોમાસું' એવું કવિ કયા સંદર્ભે કહે છે ?

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :**

(1) કવિ માતાની મમતા કયા કયા પ્રસંગે અનુભવે છે ?

(2) તમને તમારી માતા ગમે છે, એનાં કારણો કે પ્રસંગો જણાવો.

(3) મોટા થઈને તમે તમારી માતાનું ઋણ કેવી રીતે અદા કરશો ?

(4) પરકમ્મા કોની કોની કરવામાં આવે છે ? શા માટે ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

2. નીચેની કાવ્યપંક્તિઓ સમજાવો :

(1) તરણા પેઠે ચાવે..... તારી મમતાના ટેકે.

(2) ઘરથી જાઉં દૂર..... કરું પરકમ્મા.

3. 'મા' વિશેની અન્ય કોઈ એક કવિતાની પાંચ પંક્તિઓ લખો.

4. નીચેના પ્રશ્નોના ઉત્તર આપેલ સૂચના મુજબ લખો :

(1) નીચેના શબ્દોના બે-બે સમાનાર્થી શબ્દો શબ્દકોશમાંથી શોધીને લખો :

મારગ, અભાગી, સદા, સ્મરણ, લ્હેરખી.

(2) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ કાવ્યમાંથી શોધીને લખો :

આંખ, સમુદ્ર, આકાશ, શશી, રાત્રિ.

(3) નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દ લખો :

અભાગી, સ્મરણ

(4) સરખા પ્રાસવાળા શબ્દો કાવ્યમાંથી શોધીને લખો :

**ઉદાહરણ :** મા - ખમ્મા

આંસુ - ...............

ફેંકે - ...............

સામે - ...............

**પ્રવૃત્તિઓ**

- માતૃપ્રેમનાં ગીતો મેળવી વર્ગખંડમાં વાંચો અને સાંભળો.
- 'મા' વિશેની કહેવતો એકત્રિત કરો.
- તમારી માતા પ્રત્યેની લાગણી તમારા શબ્દોમાં લખી માતાને વાંચી સંભળાવો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 5 એક મુલાકાત

**સંકલિત**

આ એકમ મુલાકાત-લેખનનો એક નમૂનો છે. અહીં ગુજરાત રાજ્યના પાટનગરનું તેમજ વિધાનસભાનું પરિચયાત્મક વર્ણન છે.

અમારી શાળામાંથી ગુજરાત રાજ્યના વિધાનસભાગૃહની મુલાકાતે જવાનું આયોજન કરવામાં આવ્યું. નિશ્ચિત કરેલા સમયે અમે બસમાં બેસીને ગાંધીનગર આવ્યાં.

રસ્તામાં અમારા શિક્ષકે ગાંધીનગર શહેર વિશે ટૂંકમાં માહિતી આપી.

ગુજરાતની સ્થાપનાના શરૂઆતનાં વર્ષોમાં રાજ્યનું પાટનગર અમદાવાદ હતું. ઈ. સ. 1960ની 19મી માર્ચે અમદાવાદથી થોડેક દૂર આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની સ્મૃતિમાં ગાંધીનગર નામે શહેર વસાવવાનો નિર્ણય થયો. એ પછી ગણતરીનાં વર્ષોમાં ગાંધીનગર શહેર અસ્તિત્વમાં આવ્યું.

ગાંધીનગરની રચના વિશિષ્ટ પ્રકારની અને સુવ્યવસ્થિત છે. આ નગર કુલ 30 સેક્ટરમાં વિભાજિત છે. સડકો પહોળી અને સ્વચ્છ છે. તેમજ ‘ક’થી ‘જ’ સુધી એમ કક્કાવારી પ્રમાણેના સાત આડા મુખ્ય માર્ગો છે, જ્યારે 0-1-2-3 એમ ઊભા કુલ 8 માર્ગો છે. આ માર્ગોને હવે મહાનુભાવોના નામ સાથે જોડવામાં આવેલ છે. ફૂલો અને વૃક્ષોનું આ નગર છે. શિક્ષકે અમને કહ્યું, ‘આ નગરને ગ્રીનસિટી પણ કહેવામાં આવે છે.’ હરિયાળું નગર ! લીલુંછમ નગર ! પ્રકૃતિની ગોદમાં રમતું નગર ! શાંત, સુંદર અને ભવ્ય.





Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

દૂરદૂરથી આવીને વસેલા કર્મચારીઓ, નાગરિકો અને વ્યાવસાયિકોનું આ નગર છે. જાણે ત્રિવેણી સંગમ ! રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો પણ ત્રિવેણી સંગમ !

અમારી બસ 'ચ' રોડ પરથી પસાર થઈ રહી હતી. ગુજરાત રાજ્યનું વિધાનસભાગૃહ અમે જોવાનાં હતાં તેથી ખૂબ જ રોમાંચિત હતાં. બસ વિધાનસભાગૃહની બિલકુલ સામે ઊભી રહી. અમે નીચે ઊતર્યાં.

"વાહ ! કેવું ભવ્ય ભવન !" પ્રકૃતિએ ઉત્સાહભેર કહ્યું.

"ખરેખર, ભવ્ય અને રમણીય !" એની વાતમાં મેં સૂર પૂરાવ્યો.

ગુજરાત રાજ્યના વિધાનસભાગૃહનું નામ વિઠ્ઠલભાઈ પટેલ ભવન છે. અમારા આચાર્યશ્રી દ્વારા અગાઉથી જ વિધાનસભાગૃહ જોવાની પરવાનગી મેળવવામાં આવી હતી. વિધાનસભાગૃહમાં પ્રવેશવા જરૂરી ગેટપાસ મેળવી અંદર પ્રવેશ્યાં. ત્યાં જ મેટલ ડિટેક્ટર દ્વારા અમારી જરૂરી તપાસ કરવામાં આવી.

રાજ્યનું વિધાનસભાગૃહ હોવાથી કડક પોલીસ બંદોબસ્ત હતો. અંદર પ્રવેશતાં જ અક્ષય બોલી ઊઠ્યો : "અરે ! પેલી સીડી તો જુઓ !" એ સાથે જ અમારી નજર સીડી પર સ્થિર થઈ. અમે સીડી પર ચડવા અધીરાં બન્યાં. ઍસ્કેલેટરના પહેલે પગથિયે ઊભા રહેવા સાથે જ પળવારમાં અમે પ્રથમ માળે પહોંચી ગયાં. ત્યાંથી અમે વિધાનસભાની ગૅલેરીમાં થઈને વિધાનસભાગૃહમાં પ્રવેશ કર્યો. ત્યાં પણ અમારી જરૂરી તપાસ કરવામાં આવી.





Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

અંદર પ્રવેશતાં જ અમારા શિક્ષકે વધુ સમજાવતાં કહ્યું : વિધાનસભાને ધારાસભા પણ કહેવામાં આવે છે. ધારો એટલે કે કાયદો ઘડતી સભા તે વિધાનસભા. વિધાનસભાના અધ્યક્ષની બેઠક ઊંચે હોય છે. રાજ્યના ચૂંટાયેલા વિધાનસભ્યો તથા મંત્રીઓની બેઠકો નીચેના ભાગમાં હોય છે. વિધાનસભામાં મુલાકાતીઓને શાંતિ જાળવવી પડે છે. અક્ષય કંઈક બોલવા લાગ્યો એ જોઈને ત્યાંના સુરક્ષાકર્મીએ એને સંકેતથી શાંત કર્યો. અમે અંદર પ્રવેશ કર્યો ત્યારે વિધાનસભાનું સત્ર ચાલુ હતું. મુલાકાતીઓ માટે ગૅલેરીમાં ફરતે બેઠકવ્યવસ્થા હતી, જેમાં બેસીને અમે ગૃહની કાર્યવાહી સંપૂર્ણ રીતે જોઈ શકતાં હતાં. અમારી જેમ બીજાં બાળકો પણ વિધાનસભાની મુલાકાતે આવ્યાં હતાં. વિધાનસભાના માનનીય અધ્યક્ષને સંબોધીને ધારાસભ્યો પોતાના મતવિસ્તારના પ્રશ્નો સભા-સમક્ષ રજૂ કરતા હતા. જે-તે વિભાગના માનનીય મંત્રીઓ માનનીય અધ્યક્ષશ્રીને સંબોધીને જવાબ આપતા હતા. ગૃહનાં બેઠકવ્યવસ્થા અને સંચાલન જોઈને અમે અત્યંત પ્રભાવિત થયાં.

વિધાનસભાની કાર્યવાહી નિહાળીને અમે બહાર નીકળ્યાં. એ પછી શિક્ષકશ્રીએ વિવિધ મંત્રીશ્રીઓ અને સચિવશ્રીઓનાં કાર્યાલયોથી અમને પરિચિત કર્યાં. આ કાર્યાલયો વિવિધ બ્લૉકમાં વહેંચાયેલાં છે. જેમાં જે-તે વિભાગના મંત્રીશ્રીઓ અને સચિવશ્રીઓ રાજ્યનાં વહીવટ અને વ્યવસ્થા સુચારુ રીતે સંભાળે છે. આપણા રાજ્યના વિધાનસભાગૃહની મુલાકાતથી અમારી પ્રસન્નતાનો કોઈ પાર ન હતો.

શિક્ષકશ્રી અમને અલ્પાહાર માટે કૅન્ટિનમાં લઈ ગયા તેથી અમારો આનંદ બેવડાયો. ત્યાંથી અમે બસમાં બેસી આ યાદગાર મુલાકાતને વાગોળતાં વાગોળતાં ઘેર પાછાં ફર્યાં.

## શબ્દસમજૂતી

**સ્મૃતિ** ભૂતકાળના પ્રસંગો, અનુભવો, વિચારો વગેરે ચિત્તમાં સંઘરવાની શક્તિ **પ્રતીતિ** સમજ, ભરોસો, વિશ્વાસ, ખાતરી **ગેટપાસ** દરવાજામાં પ્રવેશવા માટેનું ઓળખપત્ર **ઍસ્કેલેટર** લિફ્ટની જેમ વ્યક્તિઓને માળ ઉપર-નીચે લઈ જતી સરકતી સીડી **મેટલ ડિટેક્ટર** આપણી પાસે કોઈ એવી જીવલેણ વસ્તુ છે કે નહિ તેની તપાસ કરવા માટેનું સાધન **સુરક્ષાકર્મી** ચોકીદાર **ગૅલેરી** (અહીં) નીચેના મોટા ઓરડામાં શું ચાલી રહ્યું છે તેવી એ ઓરડાની ચારેબાજુ બાંધેલી એકાદ માળ ઊંચું થાંભલા પર કે મોભ પર ટેકવેલી જગ્યા. (પ્રેક્ષકદીર્ઘા) અથવા હારબંધ ઓરડાઓમાં જવા-આવવા માટેની મકાનમાં છત સાથે જોડાયેલી ખુલ્લી જગ્યા **અલ્પાહાર** નાસ્તો **કૅન્ટિન** નાસ્તો મળે તે સ્થળ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## રૂઢિપ્રયોગ

સૂર પૂરવો – હામાં હા કહેવી

## અભ્યાસ

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધીને તેનો ક્રમ અક્ષર પ્રશ્ન સામેના ☐ માં લખો :**

(1) કોઈ પણ રાજ્યનું વડું મથક કયા નામે ઓળખાય છે ? ☐

(ક) ગાંધીનગર (ખ) પાટનગર (ગ) રાજ્યનું હૃદય (ઘ) હરિયાળું નગર

(2) ગાંધીનગરની સ્થાપના કયા નેતાની સ્મૃતિમાં કરવામાં આવી છે ? ☐

(ક) સરદાર પટેલ (ખ) ઈન્દિરા ગાંધી (ગ) રાજીવ ગાંધી (ઘ) મહાત્મા ગાંધી

(3) ગાંધીનગર કુલ કેટલા સેક્ટરમાં વહેંચાયેલું છે ? ☐

(ક) 25 (ખ) 28 (ગ) 30 (ઘ) 35

**2. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર આપો :**

(1) ગાંધીનગરને ગ્રીનસિટી તરીકે કેમ ઓળખવામાં આવે છે ?

(2) ગાંધીનગરના માર્ગો શી વિશેષતા ધરાવે છે ?

(3) વિધાનસભાગૃહ ક્યાં આવેલું છે ?

(4) વિધાનસભાગૃહને કોનું નામ આપવામાં આવ્યું છે ?

(5) વિધાનસભાને ધારાસભા તરીકે કેમ ઓળખવામાં આવે છે ?

(6) મંત્રીશ્રીઓ અને સચિવશ્રીઓના કાર્યાલયો કેટલા બ્લૉકમાં વહેંચાયેલાં છે ?

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :**

(1) વિધાનસભાગૃહમાં પ્રવેશવા પરવાનગી શા માટે જરૂરી છે ?

(2) જો તમે ધારાસભ્ય હો તો તમે વિકાસ માટે કેવી પ્રવૃત્તિઓ કરશો ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(3) એક નાગરિક તરીકે તમને રાજ્યની કઈ બાબતો સારી લાગે છે ?

(4) તમારા ગામને હરિયાળું બનાવવા શું-શું કરી શકાય ?

(5) તમે લીધેલા કોઈ એક ઐતિહાસિક સ્થળની મુલાકાત વિશે લખો.

(6) તમારા વિસ્તારમાં આવેલ જોવાલાયક સ્થળની મુલાકાત લઈ અહેવાલ લખો.

**2. નીચેના શબ્દસમૂહો માટે એક શબ્દ લખો :**

(1) રાજ્યના કાયદા ઘડનારી સભા

(2) રાજ્યનું વડું મથક

**3. (અ) નીચેના શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો :**

અસ્તિત્વ, સ્વચ્છ, પ્રવૃત્તિ, પ્રકૃતિ, વ્યવસ્થા, પ્રવેશ.

**(બ) પાઠમાં 'ઈક' પ્રત્યયથી બનેલો શબ્દ 'સાંસ્કૃતિક' આપેલ છે. એવા બીજા પાંચ શબ્દો બનાવો.**

**પ્રવૃત્તિ**

- તમારા ગામની ગ્રામપંચાયત કચેરીની મુલાકાત લઈ તેની માહિતી એકત્ર કરો.
- ગામમાં કઈ-કઈ સુવિધાઓ છે ? યાદી તૈયાર કરો.




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 6 ધૂળિયે મારગ


મકરન્દ દવે

જન્મ : 13–11–1922 મૃત્યુ : 31–01–2005



મકરન્દ વજેશંકર દવે રાજકોટ જિલ્લાના ગોંડલના વતની હતા. વર્ષો સુધી મુંબઈ રહ્યા પછી તેઓ વલસાડ પાસે નંદિગ્રામમાં વસ્યા. સાહિત્યની સાધનાની સાથે સાથે આધ્યાત્મિક ક્ષેત્રે ગતિ કરતા રહ્યા. ગાંધીયુગ પછીના ગાળામાં આધ્યાત્મિક સાધનાને અનુલક્ષતી કવિતા રચનાર તેઓ મરમી કવિ હતા. તેમનાં કાવ્યોમાં જીવનનો આધ્યાત્મિક અનુભવ સાદી-સરળ ભાષામાં પણ ચોટદાર રીતે રજૂ થાય છે. તેમને 1979નો ‘રણજિતરામ સુવર્ણચંદ્રક’ મળ્યો હતો.

જગતમાં સૌથી વધુ મૂલ્યવાન તો માણસ-માણસ વચ્ચેનાં પ્રેમ-લાગણી છે. ધન માટે વલખાં માર્યા વગર પોતાની વર્તમાન સ્થિતિમાં, અદના માનવીને સ્વમાનભેર જીવવાનો સંસ્કાર આપી જાય તેવું આ કાવ્ય છે. જીવન વિશેનો ખ્યાલ તદ્દન જુદો જ છે. બે માર્ગો છે : એક ધૂળિયો એટલે કે સાદા-સાત્ત્વિક જીવનનો માર્ગ અને બીજો સોનાનો એટલે કે ધનસંપત્તિની લાલસાવાળો માર્ગ. કવિ અહીં ધૂળિયે મારગ ચાલવાનું આહ્‌વાન કરે છે.



કોણે કીધું ગરીબ છીએ ? કોણે કીધું રાંક ?
કાં ભૂલી જા મન રે ભોળા ! આપણા જુદા આંક.
થોડાક નથી સિક્કા પાસે, થોડીક નથી નોટ,
એમાં તો શું બગડી ગયું ? એમાં તે શી ખોટ ?
ઉપરવાળી બૅંક બેઠી છે આપણી માલંમાલ,
આજનું ખાણું આજ આપે ને કાલની વાતો કાલ,
ધૂળિયે મારગ કૈંક મળે જો, આપણા જેવો સાથ,
સુખ દુ:ખોની વારતા કે’તા બાથમાં ભીડી બાથ.
ખુલ્લા ખેતર અડખેપડખે, માથે નીલું આભ,



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

વચ્ચે નાનું ગામડું બેઠું, ક્યાં આવો છે લાભ ?
સોનાની તો સાંકડી ગલી, હેતુ ગણાતું હેત;
દોઢિયા માટે દોડતાં એમાં જીવતાં જો ને, પ્રેત !
માનવી ભાળી અમથું - અમથું આપણું ફોરે વ્હાલ;
નોટ ને સિક્કા નાખ નદીમાં, ધૂળિયે મારગ ચાલ !

('ગુલાલ અને ગુંજાર'માંથી)

## શબ્દસમજૂતી

**આપણા જુદા આંક** જિંદગી અંગેની આપણી જુદી સમજ **ઉપરવાળું** પરમેશ્વરની સત્તાવાળું **બાથમાં ભીડી બાથ** પ્રેમભર્યા આલિંગન સાથે **દોઢિયું** દોઢ પૈસાનો સિક્કો **પ્રેત** અવગતિયો જીવ (અહીં) પૈસા પાછળ રઘવાયા થયેલા લોકો **અમથું** કશા સ્વાર્થ વગરનું **ફોરવું** મહે'કવું **માનવી ભાળી અમથું અમથું ફોરે વ્હાલ** માણસને મળતાં જ કોઈ સ્વાર્થ વગર હૈયું સ્નેહથી ઊભરાવા લાગે છે

## ભાષાસજ્જતા

**નીચેનાં વાક્યો વાંચો :**

- અંધારી રાતે હીરબાઈ જોગમાયા જેવી લાગતી હતી.
- ધરામાં ઢબી-ઢબીને એ વજ્ર જેવી લાગતી હતી.

અહીં પ્રથમ વાક્યમાં હીરબાઈને જોગમાયા સાથે સરખાવી છે. જ્યારે બીજા વાક્યમાં એની સરખામણી વજ્ર યાને કે લોખંડ સાથે કરવામાં આવી છે. તમે જોશો કે આ પ્રકારની સરખામણી કરવાથી ભાષાની શોભા વધે છે. જેવી રીતે ઘરેણાં પહેરવાથી આપણે વધુ સુંદર દેખાઈએ છીએ તેવી જ રીતે ભાષાને વધુ સુંદર બનાવવા 'અલંકાર'નો ઉપયોગ કરવામાં આવે છે.

આપણી ભાષામાં ઘણા અલંકારો છે. જેવા કે, ઉપમા અલંકાર, રૂપક અલંકાર, ઉત્પ્રેક્ષા અલંકાર વગેરે.

અલંકારો બે પ્રકારના હોય છે : શબ્દાલંકાર અને અર્થાલંકાર. ઉપરોક્ત અલંકાર અર્થાલંકાર છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**ઉપમા અલંકાર :** ઉપમા અલંકાર સમજતાં પહેલાં આપણે ઉપમેય અને ઉપમાનનો ખ્યાલ મેળવીએ. ઉપમેય એટલે જેની સરખામણી કરવાની હોય તે. ઉપમાન એટલે જેની સાથે સરખામણી કરવાની હોય તે, જેમ કે,

- આ ખેલાડી સચિન તેંડુલકર જેવો છે.

આ વાક્યમાં 'ખેલાડી' ઉપમેય છે, સચિન તેંડુલકર ઉપમાન છે. જ્યારે 'જેવો' એ ઉપમાદર્શક શબ્દ છે.

આવાં બીજાં ઉદાહરણો પાઠ્યપુસ્તકમાંથી શોધીને લખો.

## અભ્યાસ

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધીને તેનો ક્રમ અક્ષર પ્રશ્ન સામેના ☐ માં લખો :**

(1) કવિ આ કાવ્યમાં મનુષ્યજીવન માટે કઈ બાબત મહત્ત્વની ગણાવે છે ? ☐

(ક) ધન-સંપત્તિ (ખ) જમીન-જાયદાદ

(ગ) મનુષ્ય-મનુષ્ય વચ્ચેનો પ્રેમ (ઘ) સોનું-ચાંદી

(2) આ કાવ્યમાં કવિએ 'ધૂળિયે મારગ' શબ્દ કયા અર્થમાં પ્રયોજ્યો છે ? ☐

(ક) સાદા-સાત્ત્વિક જીવન અર્થે (ખ) ધન-સંપત્તિની લાલસા અર્થે

(ગ) સુખ-વૈભવથી ભરપૂર જીવન અર્થે (ઘ) ધૂળ, માટી અને કાદવ અર્થે

(3) કવિ 'ઉપરવાળી બૅંક' કોને ગણાવે છે ? ☐

(ક) ઈશ્વરને (ખ) આકાશને (ગ) દેના બૅંકને (ઘ) સ્ટેટ બૅંકને

**2. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર આપો :**

(1) મનુષ્યે બીજા મનુષ્યને કેવી રીતે મળવું જોઈએ ?

(2) પ્રવર્તમાન સમયમાં મનુષ્યો શાની પાછળ દોટ મૂકી છે ?

(3) 'ખુલ્લાં ખેતર માથે' અને 'અડખેપડખે' શબ્દોનો અર્થ સમજાવો ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :**

(1) કવિના મતે મનુષ્યનું જીવન કેવું હોવું જોઈએ ?

(2) કાવ્યમાં પ્રશ્નાર્થવાળી પંક્તિઓ કઈ-કઈ છે ? તેનાથી કાવ્યમાં ક્યો ભાવ જગાડાયો છે ?

(3) 'ધૂળિયે મારગ' એટલે શું ? આ માર્ગે ચાલવાના કયા-કયા લાભ કવિ ગણાવે છે ?

(4) કવિ પાસે શું નથી ? એની એમના મન પર શી અસર છે ?

**2. જૂથમાં ચર્ચા કરો :**

(1) પ્રકૃતિથી વિમુખ થવાથી આપણે શું-શું ગુમાવીએ છીએ ?

(2) 'સંતોષી નર સદા સુખી.'

(3) 'હું માનવી માનવ થાઉં તો ઘણું.'

**3. ઉદાહરણમાં આપેલા પ્રાસયુક્ત શબ્દો વાંચો અને એવા અન્ય શબ્દો કાવ્યમાંથી શોધીને લખો :**

**ઉદા.** રાંક અને આંક

**4. નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ લખો :**

મારગ, હેત, સોનું, સાથ, રાંક.

### પ્રવૃત્તિ

- ગાંધીજીની આત્મકથામાંથી સાદાઈના પ્રસંગો શોધીને વાંચો.




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 7 દેશભક્ત જગડુશા

**રમણલાલ સોની**

**જન્મ : 1908 મૃત્યુ : 2006**



રમણલાલ પિતાંબરદાસ સોનીનો જન્મ સાબરકાંઠા જિલ્લાના મોડાસા તાલુકાના કોકાપુર ગામમાં થયો હતો. બંગાળી ભાષા અને સાહિત્યનો તેમને ગાઢ પરિચય છે. રવીન્દ્રનાથ ઠાકુર અને શરદબાબુનાં ઘણાં પુસ્તકોનો તેમણે ગુજરાતીમાં અનુવાદ કર્યો છે. વિશેષ તેઓ બાળકાવ્યો, બાળવાર્તાઓ અને બાળનાટકોના સર્જક તરીકે જાણીતા છે. તેમની સાહિત્યસેવા માટે 1996માં 'રણજિતરામ સુવર્ણચંદ્રક' અર્પણ કરવામાં આવ્યો હતો. 'વિશ્વની લોકકથાઓ', 'ગ્રીસનો લોકકથા-ભંડાર', 'સંતસાગર' વગેરે તેમનાં જાણીતા પુસ્તકો છે.

આખાય રાજ્યની આપત્તિમાં રાજા અને પ્રજા સમજપૂર્વક અને ધીરજપૂર્વક ઉકેલ લાવે તો સમસ્યા હળવી થઈ જાય છે. દાનવીર ભામાશાની જેમ એક જગડુશા પણ નગરશેઠ તરીકે માનવતાવાદી અભિગમ ધરાવે છે. આપબળે એકઠી કરેલી કમાણી અને સંચિત કરેલા અનાજના કોઠારોને સંકટ સમયે પ્રજા માટે ખુલ્લાં મૂકી દેનાર જગડુશાના દિલની ઉદારતાનો સરસ પરિચય લેખકે નાટક દ્વારા કરાવ્યો છે.

---

**સ્થળ** : પાટણ

પાટણના રાજા વિશળદેવનો દરબાર.

(રાજા વિશળદેવ દરબાર ભરીને બેઠા છે, પણ સૌનાં મોં ઉદાસ છે. આખાયે દરબારમાં જાણે નિરાશાની ઘેરી છાયા ફરી વળેલી છે. રાજાની સામે રાજજોષી ટીપણું પહોળું કરીને બેઠા છે. તે આંગળીના વેઢા પર આંકડા માંડે છે.)

**રાજા** : તે જોષીજી, આ વર્ષેય વરસાદ નથી શું ?

**જોષી** : મહારાજ, મને થાય છે કે કાળવાણી ઉચ્ચારતાં મારી જીભ કપાઈ કેમ નથી જતી ?

**રાજા** : સમજી ગયો ! હું સમજી ગયો ! જોષી, હવે બોલવાની જરૂર નથી.

(એટલામાં બહારથી ઘણા લોકોનો પોકાર સંભળાય છે : ''અમને ખાવાનું આપો ! અમને જિવાડો ! અમે મરી જઈએ છીએ !'')



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**રાજા** : મારી રાંકડી રૈયત ભૂખે મરે છે ! હવે તો એક આશા જગડુશાની રહી છે. પ્રધાનજી એમને તેડી લાવવા કચ્છ ગયા છે. આજકાલમાં આવી જવા જોઈએ.

**દરવાન** : (પ્રવેશી, રાજાને પ્રણામ કરી) મહારાજ ! કચ્છના શાહ સોદાગર શેઠ જગડુશા પધાર્યા છે. પ્રધાનજી પણ સાથે છે.

**રાજા** : (એકદમ ઉત્સાહમાં આવી) એકદમ, એકદમ એમને અંદર લઈ આવ !

**દરવાન** : (નમ્રતાથી) મહારાજ, પ્રધાનજીએ કહેવડાવ્યું છે કે શેઠ જગડુશા શાહ સોદાગર છે. તેમનો સત્કાર કરવા આપ પોતે -

**રાજા** : સમજ્યો, સમજ્યો એમના સત્કાર માટે મારે જ સામા જવું જોઈએ. પ્રધાનજીની વાત સાચી છે ! (રાજા ગાદી પરથી ઊભો થઈ જાય છે. આખી કચેરી ઊભી થઈ જાય છે. પછી રાજા જગડુશાનો સત્કાર કરવા પ્રવેશદ્વાર ભણી જાય છે. સામેથી પ્રધાન જગડુશાને લઈને આવે છે. જગડુશાને જોઈ રાજા ઝડપથી પગલાં ભરી એની સામે જાય છે, તેવી જ રીતે જગડુશા પણ ઝડપ કરે છે. બંને એકબીજાને વહાલથી ભેટે છે. પછી રાજા જગડુશાનો હાથ પકડી રાજગાદી તરફ દોરી જાય છે અને પોતાની જોડે જ ગાદી પર તેમને બેસાડે છે. બન્નેના બેઠા પછી પ્રધાન અને દરબારીઓ પોતપોતાના આસન પર બેસે છે.)

**જગડુશા** : મહારાજ, ઓચિંતાનો કેમ યાદ કર્યો મને ?

**રાજા** : સુખદુ:ખની વાતો કરવા, શેઠજી ! ગુજરાતમાં આજે ત્રણ વરસથી કારમો દુકાળ ચાલે છે !

**જગડુશા** : એકલા ગુજરાતની કાં વાત કરો છો ? આખા હિંદુસ્તાનમાં આજે દુકાળ છે. સિંધ, મેવાડ, માળવા, કાશી અને ઠેઠ કંદહાર લગી આજે લોકો ભૂખે મરે છે અને પાનખરમાં પાંદડાં ખરે તેમ ખરે છે. વખત એવો બારીક છે કે ભલભલાની લાજ જવાનો વખત છે. સાત ખોટના દીકરાના મોંમાંથી બાપ બટકું રોટલો કાઢી ખાય છે. મૂઠી ધાન સારુ માબાપ છોકરાંને વેચે છે ! શી ખબર શું થવા બેઠું છે ?

**રાજા** : રામજી રાખશે તે રહેશે ! પણ આવે વખતે રૈયતને ટકાવી રાખવાનો રાજ્યનો ધર્મ છે.

**જગડુશા** : આપ સરખા પ્રજાવત્સલ રાજાના મોંમાં આવા જ શબ્દો શોભે. મને એ સાંભળી બહુ આનંદ થાય છે. મેં તો સાંભળ્યું છે કે આપે આપના ધાનના કોઠાર અને ધનના ભંડાર ગરીબોને માટે ખુલ્લા મૂકી દીધા છે !



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

રાજા : મૂકી દીધા હતા; હવે તો એય ખાલી થઈ ગયા. હવે મારા ધનના ભંડાર અને અન્નના કોઠારોય ખાલીખમ પડ્યા છે અને રૈયતના પેટનો ખાડો તો હજી ઊણો ને ઊણો જ છે. ધાર્યું'તું કે ઓણ સાલ વરસાદ આવશે ને સૌ સારાંવાનાં થશે, પણ વરસાદ આવ્યો નહિ, અધૂરામાં પૂરું તીડ પડ્યાં ! લોકો ત્રાહિમામ પોકારે છે !

(એટલામાં બહારથી પોકાર આવે છે : "અમે મરી જઈએ છીએ, અમને જિવાડો, અમને જિવાડો, અમને અનાજ આપો !")

જગડુશા : (બહારનો પોકાર સાંભળી) ભૂખ્યાં ગળાંમાંથી પૂરો અવાજ પણ નીકળતો નથી.

રાજા : વસતીનું આ દુઃખ એ મારું દુઃખ છે, પણ નિવારણનો કોઈ રસ્તો મને દેખાયો નહિ. ત્યારે હું મૂંઝાયો. એવે વખતે તમે યાદ આવ્યા !

જગડુશા : (નવાઈ પામી) હું યાદ આવ્યો ? કેવી રીતે ?

રાજા : મારા સાંભળવામાં આવ્યું છે કે પાટણમાં જગડુશાની માલિકની કેટલીક અનાજની વખારો છે !

જગડુશા : જગડુશાની માલિકીની અનાજની વખારો ? મહારાજ, આપની કંઈક ભૂલ થાય છે. મારી માલિકીની કોઈ અનાજની વખાર મેં પાટણમાં કે કોઈ શહેરમાં રાખી જ નથી.

રાજા : તો અમે સાંભળ્યું એ શું ?

જગડુશા : કંઈક સમજફેર થઈ હશે, મહારાજ ! કારણ કે વખારો મારી ખરીને ?

રાજા : (નવાઈ પામી) વખારો આપની છે અને છતાં એ આપની માલિકીની નથી, એમ આપનું કહેવું છે ?

જગડુશા : વાત એમ છે કે વખારો મારી છે એ વિશે કંઈ શંકા નથી !

રાજા : અને એ વખારોમાંનું અનાજ ?

જગડુશા : એ અનાજ મારું નથી.

રાજા : (હતાશ બની જઈ) એ અનાજ તમારું નથી ? તો શું તમે એ કોઈને દઈ દીધું છે ? કોને દીધું ? ક્યારે દીધું ? હું તમને એના મોં માગ્યા દામ આપત !

જગડુશા : એ અનાજ મારું નથી એ નિશ્ચિત છે. મેં કોને દીધું અને ક્યારે દીધું એ જાણવું હોય તો - એમ કરોને, એ વખારો ખોલાવી એની તપાસ કરાવો ને ?

રાજા : કેવી રીતે ખબર પડશે ?

જગડુશા : એમ જ ખબર પડશે. દરેકેદરેક વખારની અંદર ભીંતપત્ર પર તાંબાપતરામાં લેખ લખાવીને જડાવેલો છે. તેમાં એ અનાજના માલિકનાં નામઠામ બધું લખેલું છે !



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

રાજા : ઠીક છે, ઠીક છે ! હું એ માલિકની પાસે જઈશ ને કહીશ કે સુકાળ થયે તેને એકએક દાણા સાથે મોતી ગણીને આપીશ, પણ આજે મારી પર આટલી દયા કર !

જગડુશા : જે રાજાના દિલમાં રૈયતનાં સુખદુ:ખનો આવો ખ્યાલ છે તેને અનાજ જરૂર મળી રહેશે.

રાજા : મળી રહેશે ? કોટવાલજી, જાઓ વખારો ઉઘાડો અને લેખ અહીં લઈ આવો !

કોટવાલ : જેવી આજ્ઞા, મહારાજ ! (જવાનું કરે છે.)

જગડુશા : મહારાજ ! આપે આટલી તકલીફ લેવાની કંઈ જ જરૂર નથી ! હમણાં જ મારા માણસો લેખ લઈને અહીં આવશે. મેં ક્યારનાયે તેમને ત્યાં મોકલી દીધા છે.

(એટલામાં હાથમાં તાંબાપતરું લઈને એક માણસ સભામાં દાખલ થાય છે. બધા તેની સામે જોઈ રહે છે. પહેલાં એ રાજાને અને પછી જગડુશાને પગે લાગે છે અને પતરું જગડુશાના હાથમાં મૂકે છે. જગડુશા એ પતરું રાજાના હાથમાં મૂકે છે.)

રાજા : આ જ એ લેખ ?

જગડુશા : હા, મહારાજ ! પંડિતજી પાસે એ વંચાવો.

રાજા : પંડિતજી, લો આ લેખ વાંચો.

(પંડિતજી ઊભા થઈને આગળ આવે છે. ઉઘાડા ડિલ પર ઉપરણો અને માથે પંડિતશાહી પાઘડી શોભે છે. રાજાની સામે આવી પ્રણામ કરી પતરું હાથમાં લે છે.)





Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**પંડિત** : (પતરું વાંચે છે) મહારાજ, સાંભળો આમાં લખ્યું છે કે આ વખાર જગડુશાની છે, પણ વખારમાંનું બધું અનાજ એનાં ભૂખે મરતાં ગરીબ ભાઈભાંડુઓનું છે. દેશની ભૂખે મરતી વસ્તી આ અનાજની માલિક છે. એના એક દાણા પર પણ જગડુશાનો હક્ક નથી !

(આખી સભા આ સાંભળી ઘડીભર સ્તબ્ધ બની જાય છે. પછી કળ વળતાં બધા 'વાહવાહ !' પોકારે છે.)

**રાજા** : વાહ, જગડુશા વાહ ! (ઊભો થઈ જઈ જગડુશાને ભેટી પડે છે.) તમે તો કહેતા હતા કે અનાજ તમારું નથી ?

**જગડુશા** : તો મારું .... છે ? એ તો ગરીબોનું છે. આ અનાજમાંથી એક દાણોય લેવાનો મને હક્ક નથી !

(એટલામાં બીજો માણસ હાથમાં પતરું લઈને આવી પહોંચે છે. તે રાજાને તથા જગડુશાને પગે લાગી લેખ જગડુશાના હાથમાં મૂકે છે. જગડુશા તે રાજાને સોંપે છે. રાજા પંડિતને આપે છે.)





Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**પંડિત** : (બીજો લેખ વાંચે છે.) મહારાજ સાંભળો, હવે હું બીજી વખારનો લેખ વાંચું છું. આમાં લખ્યું છે વખાર જગડુશાની છે, પણ વખારમાંનું બધું અનાજ એનાં ભૂખે મરતાં ગરીબ ભાઈભાડુંઓનું છે. દેશની ભૂખે મરતી વસ્તી આ અનાજની માલિક છે. એના એક દાણા પર પણ જગડુશાનો હક્ક નથી !

(આખી સભા 'વાહવાહ' પોકારે છે. રાજા ફરી જગડુશાને ભેટી પડે છે. એવામાં ત્રીજો માણસ પ્રવેશે છે. પહેલાની પેઠે તે પતરું પણ જગડુશાના અને રાજાના હાથમાં થઈને પંડિતના હાથમાં આવે છે.)

**પંડિત** : હવે ત્રીજી વખારનો આ લેખ સાંભળો : આ વખાર જગડુશાની છે, પણ એના અનાજના એક દાણા પર પણ જગડુશાનો હક્ક નથી ! દેશની ભૂખે મરતી વસ્તી આ અનાજની માલિક છે.

**રાજા** : વાહવાહ ! વાહવાહ

**રાજા** : જગડુશા, આવી તમારી કેટલી વખારો છે ગામમાં ?

**જગડુશા** : ચાલીસેક હશે મહારાજ !

**રાજા** : ચાલીસ વખારો ? ત્યારે તો મારી પ્રજા જીવી ગઈ અને હુંય જીવી ગયો ! જ્યાં લગી ગુજરાતમાં તમારા જેવા ઉદાર શ્રેષ્ઠીઓ છે. જગડુશા ! ત્યાં લગી ગુજરાત રાજ્યે કોઈ આંચ આવવાની નથી ! (ત્યાં તો એક સાથે અનેક માણસો હાથમાં તાંબાપતરાં લઈ સભામાં પ્રવેશે છે. અને એમને જોઈ આખી સભા આનંદમાં અને આવેશમાં આવી ઊભી થઈ 'જયનાદ' પોકારે છે.)

**આખી સભા** : ગુજરાતનો રાજા ઘણું જીવો ! ગુજરાતનો શાહ સોદાગર ઘણું જીવો ! ગુજરાત રાજ્ય અમર રહો ! (પડદો)

## શબ્દસમજૂતી

**ટીપણું** પંચાંગ **વેઢો** આંગળી ઉપરની સાંધા આગળની રેખા **લાજ** આબરૂ **કાળવાણી** ભયંકર આફતભરી ભવિષ્યવાણી **પ્રજાવત્સલ** પ્રજા પર પ્રેમ રાખનાર **રાંકડી** ગરીબડી **કોઠાર** અનાજ ભરવાનો ઓરડો **રૈયત** પ્રજા **ઊણું** ઓછું ભરાયેલું **શાહ સોદાગર** મોટો રૂઆબદાર વેપારી **ઓણ** આ સાલ **કારમું** ભયંકર **તીડ** પાકનો નાશ કરનારો એક જાતનો પાંખળો જીવ **ઠેઠ** છેક છેડા સુધી **નિવારણ** દૂર કરવું તે **ભીંતપત્ર** સમાચાર વિગેરેની જાહેરાત માટે **સુકાળ** સારો સમય **વખાર** સરસામાન ખાસ તો અનાજ રાખવાની જગા



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## રૂઢિપ્રયોગો

**જીભ કપાઈ જવી** – બોલતા બંધ થઈ જવું **સાત ખોટનો દીકરો હોવો** – ખૂબ લાડકો, એકનો એક દીકરો હોવો **મોં માગ્યા દામ આપવા** – પૂરેપૂરી કિંમત ચૂકવવી **સ્તબ્ધ થઈ જવું** – અવાક્ થઈ જવું **કળ વળવી** – નિરાંત થવી **આંકડા માંડવા** – ગણતરી કરવી **સૌ સારાં વાનાં થવાં** – બધી રીતે શુભ થવું

## ભાષાસજ્જતા

**નીચેના વાક્યો વાંચો :**

- સંસાર-સાગર તરવો વસમો છે.
- એનું મુખકમળ ખીલી ઊઠ્યું.

પ્રથમ વાક્યમાં સંસારને સાગરનું રૂપ આપી દીધું છે. સાગર એ જ સંસાર અને સંસાર એજ સાગર. એવી જ રીતે બીજા વાક્યમાં મુખને કમળનું રૂપ આપી દીધું છે. મુખ અને કમળ જુદાં નથી. પહેલા વાક્યમાં ઉપમેય કયું છે ? તમે તરત કહેશો કે, 'સંસાર' એવી જ રીતે ઉપમાન 'સાગર' છે. પરંતુ અહીં ઉપમેય અને ઉપમાન એકરૂપ બની ગયાં છે. તેથી આ રૂપક અલંકાર બને છે. તમે આ અગાઉ ઉપમા અલંકાર ભણ્યાં છો, ઉપમા અલંકાર અને રૂપક અલંકારમાં શો ભેદ લાગ્યો ? વિચારો.

## અભ્યાસ

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધીને તેનો ક્રમ અક્ષર પ્રશ્ન સામેના ☐ માં લખો :**

(1) જગડુશાએ વખારની અંદર લેખ શેની ઉપર લખાવ્યો હતો ? ☐

(ક) લોખંડના પતરા પર (ખ) તાંબાના પતરા પર

(ગ) સોનાના પતરા પર (ઘ) ચાંદીના પતરા પર

(2) લેખમાં અનાજ કોની માલિકીનું બતાવાયું હતું ? ☐

(ક) રાજા (ખ) જગડુશા (ગ) દેશની પ્રજા (ઘ) વેપારી



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(3) આ પાઠમાં જગડુશાનો નગરશેઠ તરીકે કયો અભિગમ પ્રગટ થાય છે ? ☐

(ક) વેપારીનો (ખ) માનવતાવાદી (ગ) કરકસરયુક્ત (ઘ) તકવાદી

(4) પાટણના રાજા માટે જગડુશા કયું વિશેષણ વાપરે છે ? ☐

(ક) પ્રજાવત્સલ (ખ) મુત્સદ્દી (ગ) કંજૂસ (ઘ) ડરપોક

**2. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર આપો :**

(1) જગડુશા દેશભક્ત કહેવાય કે પ્રજાવત્સલ ? કારણ આપો.

(2) વિશળદેવ કઈ આપત્તિથી ચિંતાતુર હતા ?

(3) રાજા રાજ્યની પ્રજાને બચાવવા કોનો સહારો લે છે ?

(4) જગડુશા શો વ્યવસાય કરતા હતા ?

(5) જગડુશાની સરખામણી કયા દાનવીર સાથે કરી શકાય ?

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :**

(1) જગડુશાનો પાત્રપરિચય તમારા શબ્દોમાં લખો.

(2) દરેક વખારના તાંબાના પતરામાં જગડુશાએ શું લખાવ્યું હતું ? શા માટે ?

(3) દુષ્કાળને લીધે રાજા અને પ્રજા કેવી પરિસ્થિતિનો સામનો કરી રહ્યા હતા ?

(4) રાજા વિશળદેવને પ્રજાવત્સલ કહી શકાય તેવા ત્રણ ગુણ દર્શાવો.

(5) રાજાએ જગડુશાને શા માટે તેડાવ્યા ?

**2. નીચેના રૂઢિપ્રયોગોનો વાક્યમાં પ્રયોગ કરો :**

(1) આંકડા માંડવા

(2) જીભ કપાઈ જવી

(3) સાત ખોટનો દીકરો હોવો

(4) સૌ સારાં વાનાં થવાં



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

3. આ નાટકમાંથી તમને ગમતા ત્રણ સંવાદો નોંધી, તે સંવાદો ગમવા પાછળનાં કારણ જણાવો.

4. નીચેના શબ્દોના અર્થભેદ સમજો અને અર્થ લખો :

| | | |
|---|---|---|
| ગાડી - ગાંડી | હસ - હંસ | સાજ - સાંજ |
| ઢગ - ઢંગ | ભાગ - ભાંગ | ગજ - ગંજ |
| સત - સંત | રગ - રંગ | ઉદર - ઉંદર |
| જગ - જંગ | રજ - રંજ | આકડો - આંકડો |

**પ્રવૃત્તિઓ**

- આ નાટક ભજવો.
- પુસ્તકાલયમાંથી આવાં અન્ય નાટકોનાં પુસ્તકો મેળવીને વાંચો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 8 આજ આનન્દ

લોકગીતનો રચનાર હંમેશાં પડદા પાછળ રહેતો હોય છે. તેથી તેનાં નામઠામ વિશે આપણને ભાગ્યે જ કશી માહિતી મળતી હોય છે. ક્યારેક કૃતિ કોઈ એક વ્યક્તિનું સર્જન પણ હોઈ શકે તો ક્યારેક એક કરતાં વધુ વ્યક્તિઓનો પણ એમાં હિસ્સો રહ્યો હોય.

માનવજીવનનાં અસલ તળપદાં સંવેદનોને લોકગીતમાં સરસ વાચા મળતી હોય છે. અહીં આ ગીતમાં સરળ શૈલીમાં વર્ષાઋતુનું આનંદદાયક ચિત્ર ઊભું કર્યું છે. તદુપરાંત કૃષિસંસ્કૃતિમાં વ્યવસાય સાથે ઉત્સવનો આનંદ-ઉલ્લાસ કેવી સહજ રીતે જોડાઈ જાય છે એ બાબતનું હૂબહૂ ચિત્રણ રજૂ કરવામાં આવ્યું છે.



ઓતર-દખણથી ચડી વાદળી રે લોલ !
ઝીણી ઝીણી ઝબૂકે છે વીજ જો
આજ આનન્દ મારે આંગણે રે લોલ !

ખેડૂના માથે લીલાં મોળિયાં રે લોલ !
ધોરીડાની કોટે ઘૂઘરમાળ જો, આજ૦



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

વીરના વાવણિયે હીરલા જડ્યા રે લોલ !
મોતીડાંની સેરું ટંકાવું જો; આજ૦
ધોરીની ડોકે બાંધી રાખડી રે લોલ !
વીરને લલાટ કુંકુમનો ચાંદલો જો; આજ૦
વાવી જારું ને વાવ્યા બાજરા રે લોલ !
ધરતીએ ઓઢ્યાં લીલાં ચીર જો; આજ૦
સરિતાની સેરું ચાલે જોરમાં રે લોલ !
ગવરી તો ચરે લીલાં ઘાસ જો
આજ આનંદ મારે આંગણે રે લોલ !

## શબ્દસમજૂતી

**ઓતર-દખણથી** ઉત્તર અને દક્ષિણ દિશામાંથી **મોળિયાં** કસબી ફેંટા **ધોરીડા** બળદ **કોટે** ડોકે **ઘૂઘરમાળ** ઘૂઘરાની માળા **વાવણિયે** બીજ વાવવાના સાધને, ઓરવિયે **સેરું** માળા-હાર **લલાટ** કપાળ **જારું** જુવાર **સરિતાની સેરું** નદીનો પ્રવાહ **ગવરી** ગાય

## અભ્યાસ

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધીને તેનો ક્રમ અક્ષર પ્રશ્ન સામેના ☐ માં લખો :**

(1) લોકોમાં આનંદ વ્યાપો છે, કારણ કે.... ☐

(ક) આકાશમાં વાદળો ઉમટ્યાં છે. (ખ) મહેમાન આવવાના છે.

(ગ) વરસાદ થંભી ગયો છે. (ઘ) વરસાદ પડી રહ્યો છે.

(2) આ કાવ્યમાં 'ધરતીએ ઓઢ્યાં લીલાં ચીર જો' એટલે.... ☐

(ક) ધરતી પર લીલું વસ્ત્ર ઓઢાડ્યું છે. (ખ) ધરતી લીલીછમ બની છે.

(ગ) ધરતી પર લીલો રંગ છાંટ્યો છે. (ઘ) ધરતી પર લીલી ચાદર પાથરી છે.

(3) ખેડૂત ધોરીડાને તૈયાર કરે છે, કારણ કે.... ☐

(ક) વરસાદ પડી રહ્યો છે. (ખ) વરસાદની ઋતુ છે.

(ગ) વરસાદ આવવાની તૈયારી છે. (ઘ) વરસાદ થંભી ગયો છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**2. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :**

(1) વર્ષા આવી રહી છે તે શાના આધારે કહી શકાય ?

(2) ખેડૂત અને એના બળદો શાનાથી શોભી રહ્યા છે ?

(3) વીરનું અને એના બળદોનું કલ્યાણ થાય તે માટે શું કરવામાં આવ્યું છે ?

(4) વાવણિયાને કેવી રીતે શણગાર્યું છે ?

## સ્વાધ્યાય

**1. આ ગીત આપણા મન આગળ કેટલાંક આબેહૂબ દૃશ્યો ખડાં કરે છે. આવાં ચાર દૃશ્યોની યાદી કરો.**

**ઉદાહરણ :** આકાશ વાદળોથી ઘેરાયું છે; વીજળીના ચમકારા થાય છે. વાવણી માટે જતા બળદોને શણગાર્યા છે.

(1) ........................................................................................................

(2) ........................................................................................................

(3) ........................................................................................................

(4) ........................................................................................................

**2. 'આવી અષાઢી બીજ' એ વિષય પર દસથી બાર વાક્યો લખો.**

**3. નીચેના શબ્દો માટે કાવ્યમાં કયા શબ્દો વપરાયા છે તે લખો :**

| | |
|---|---|
| (1) ઉત્તર : .................................... | (2) દક્ષિણ : .................................... |
| (3) જુવાર : .................................... | (4) પ્રવાહ : .................................... |
| (5) ગાય : .................................... | (6) બળદ : .................................... |

### પ્રવૃત્તિઓ

- લોકગીત-સ્પર્ધામાં ભાગ લો. આ સ્પર્ધામાં રજૂ થતાં ગીતો ધ્યાનથી સાંભળો.
- ખેતી અને ખેડૂતના જીવન વિશે લખાયેલાં કાવ્યોનો હસ્તલિખિત અંક તૈયાર કરો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 9 દીકરાનો મારનાર

ઝવેરચંદ મેઘાણી

જન્મ : 17–8–1896 મૃત્યુ : 9–3–1947



ઝવેરચંદ કાળીદાસ મેઘાણીનો જન્મ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા ગામે થયો હતો. તેઓ લોકસાહિત્યના સંશોધન અને સંપાદનના ક્ષેત્રમાં ખૂબ જાણીતા છે. એમણે કવિતા, વાર્તા, નવલકથા, નાટક, વિવેચન, ચરિત્ર આદિ અનેક સાહિત્ય-સ્વરૂપોમાં યાદગાર પ્રદાન કર્યું છે. તેઓ સફળ પત્રકાર પણ હતા. ગાંધીજીએ એમને 'રાષ્ટ્રીય શાયર'નું બિરુદ આપ્યું છે.

મંદોદરખાન દરબારને ત્યાં હોળી ટાણે એક ચારણ આવે છે પણ ઘેરૈયાઓની ધાંધલધમાલથી ઘેરાયેલા ચારણથી અજાણતાં જ યજમાન મંદોદરખાનના પુત્રના ગળા પર ઘસરકો થઈ જાય છે, તેથી તે મૃત્યુ પામે છે. આથી ગામલોકો ક્રોધે ભરાય છે. ચારણ ભાગે છે. મંદોદરખાનને આ વાતની ખબર પડે છે ત્યારે પેલા ચારણની પાછળ મારતી ઘોડીએ જાય છે અને એ અતિથિ ચારણને પોતાની ઘોડી સોંપી ઝડપથી ભાગી જવા સૂચવે છે. યજમાનના આતિથ્યધર્મની અને મનુષ્યના દિલાવર દિલની આ સચોટ લોકવાર્તા છે.

---

દેવળિયા ગામના ઝાંપામાં ફાગણ વદ એકમને પ્રભાતે ધુળેટી રમાઈ રહી છે. વચ્ચે દરબાર મંદોદરખાનનો આઠ વરસનો દીકરો અને કોરેમોરે ગામ આખાના હેડીહેડીના જુવાનો છે. આગલે દિવસે હુતાશણીનું પરબ હતું એટલે લીલા, પીળા ને કેસરિયા રંગમાં સહુ ગરકાવ હતા. તમામને અંગે પચરંગી છાંટણાં દીપતાં હતાં, પણ આજ તો પડવો, એટલે ઘેરૈયા માઝા છાંડી ગયા છે. ગાંડાતૂર બનીને ગારો, માટી, છાણ જેવી ગંદી વસ્તુએ એકબીજાને રોળવામાં ગુલતાન છે. ધુળેટીનું તો પરબ જ મૂળ ગાંડું અને એમાંય ગામડાની ધુળેટી : કાળો કોપ !

"એલા ભાઈઓ ! કોક ઊજળે લૂગડે મે'માન વયો આવે." એક ઘેરૈયાએ પાદરમાં નજર નાખીને ચસકો કર્યો ત્યાં તો ઘેરૈયાની મીટ મહેમાન પર મંડાઈ.

"એલા મે'માનને કોઈ છાંટશો મા !" બીજાએ મનમાં કહ્યું.

"અરે, મે'માનને કાંઈ રોળ્યા વગર રહેવાય ? મે'માન ક્યાંથી હાથ આવે ?"



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

“સાચું ! સાચું !.....મે’માનને રોળો !.....ગોઠ્ય માગો ! રોળો !” એવા રીડિયા ઊઠ્યા, અને ઘેરૈયાએ મુસાફર સામે દોટ દીધી.

ધોળું બાસ્તા જેવું પાસાબંધી કેડિયું, પગને કાંઠે ત્રણત્રણ ડોરણા વાળી પગતી ચોરણી, ઉપર બગસરાની ગરેડી કોરની પછેડીની ભેટ અને બગલમાં દબાવેલી એક ફાટેલતૂટેલ મ્યાનવાળી તલવાર, કેડે કોઈક કાળાંતરની જૂની કટારી-એવો દાઢીમૂછના ઘાટા કાતરાવાળો મહેમાન ચાલ્યો આવે છે. વસંતઋતુમાં વનવગડે આંબાના મૉરમાંથી વછૂટતી ફોરમો લેતો-લેતો, કેસૂડાનાં ફૂલની ચૂંદડી જાણે વનરાઈએ ઓઢી દીધી હોય એવા શણગાર જોતો, છતાં પોતાને તો હુતાશણીનો જરાય હુલ્લાસ નથી એવો એ આદમી જે ઘડીએ ઘેરૈયાની લગોલગ આવ્યો તેવી જ ચીસ પાડી ઊઠ્યો કે –

“મને રોળશો મા ! ભલા થઈને મને છાંટશો મા ! તમારે પગે લાગું !”

પરોણે ના પાડી તેમ તો ઘેરૈયાઓને ઊલટાની વધુ ચાનક ચડી. બમણા-ત્રમણા ચડે ભરાઈને સહુ બોકાસા પાડવા લાગ્યા.

“હા ખબરદાર ! મે’માનને, ઓળખાય નહિ એવા ચીતરી મેલો ! લાવો મશ ને ગારો.”

જોતજોતામાં તો ધૂળ ઊડવા માંડી. ઘેરૈયાએ એકસામટી ઝપટ કરી. મહેમાન તો ‘જાળવી જાવ ! જાળવી જાવ !’ કરતો પાછો હઠવા લાગ્યો, પણ જુવાનો આંબુઆંબું થઈ રહ્યા, એટલે એ ગાંડા ટોળાને પોતાનાથી છેટું રાખવા મહેમાને પોતાની તલવાર કાખમાં દબાવી હતી તે એમ ને એમ મ્યાન સોતી વીંઝવા માંડી. ઘેરૈયા ચસકા કરતા ઉપર પડવા જાય, પોતે બબ્બે કદમ પાછો હઠતો જાય ને ‘રે’વા દ્યો ! રે’વા દ્યો !’ કરતો જાય. ધૂળની ડમરી ઊડે છે એટલે પોતે કાંઈ જોઈ શકતો નથી. એ રીડિયા રમણ, એ ચસકા, એ કાલાવાલા, એ તલવારનાં ઝાવાં અને એ ધૂળની આંધીનો કાંઈ અનોખો જ મામલો જામી પડ્યો. એમાં અચાનક ધબ દઈને કોઈક પડ્યું.

“અરે, ગઝબ થયો ...! કુંવર પડ્યા ...! કુંવરને વાગ્યું ! કુંવર જોખમાણા !” એવી બૂમ ઊઠી.

“મહેમાને કુંવરને તલવાર મારી ....! પકડજો ...! ઝાલજો ....! ઝાલજો ....!’ એવી બીજી ચીસ પડી.

મુસાફર ચોંક્યો. એ ભાન ભૂલી ગયો અને ભાગ્યો ઊભી વાટે સીમાડે હડી કાઢી. શું થયું એ જોવા કે પૂછવાની વેળા ન રહી. પાછું વાળીને નજર નાખવાની હામ પણ નહોતી. પોતાના હાથમાં તલવાર પકડી છે, એની શી દશા થઈ છે તે નીરખવાનું પણ ભાન નથી. કોઈ ગાંડો માણસ, કોઈ ખૂની જાણે દોડ્યો જાય છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

અહીં ઝાંપામાં તો કેર થઈ ગયો છે. મંદોદરખાન દરબારના આઠ વરસના કુંવરને બરાબર ગળાની ભૂંગળી ઉપર તલવારનો વાઢ પડ્યો છે. લોહીનું ખાબોચિયું ભરાઈ ગયું અને ઘડી-બે-ઘડીમાં તો એની નાડ રજા લેશે એવું થઈ ગયું.

પણ આ થયું શું ? થયું એમ કે ઘેરૈયાથી બચવા માટે એ બધાને પોતાનાથી છેટા રાખવા મહેમાન જે મ્યાન સોતી તલવાર આડી વીંઝતો હતો તેનું મ્યાન દૈવગતિએ ધૂળની આંધીમાં કોણ જાણે ક્યારે નીકળી પડ્યું. કોઈને ખબર નહિ, અને તલવારની પીંછી અકસ્માત કુંવરના જ ગળાની ભૂંગળી પર લબરકો લેતી ગઈ. કુંવર એક તો કુમળી વયનો, અને નસીબદારનું બચ્ચું એટલે તો બગીચાનું ફૂલ ! તરત તેના પ્રાણ નીકળી ગયા.

પલકમાં તો માણસો ડેલીએ દોડ્યા. કાવાકસૂંબામાં આખો ડાયરો ઘેઘૂર છે. દરબાર મંદોદરખાન જાતના હતા માલેસલામ, પણ અસલ તો રાઠોડ રજપૂતની જ ઓલાદ. એક જ ગામડાનો ધણી; વાટકીનું શિરામણ કહેવાય. પણ પેટ બહુ મોટું. એટલે ફૂલની સુવાસ પામીને જેમ ભમરા વીંટાય તેમ કારીગરો, નટવાઓ, કવિઓ, ગાવણાં-બજાવણાં કરનારાઓ તમામ મોટી આશાએ આજ વરસ દિવસના ઊજળા પરબ ઉપર દેવળિયાની ડેલીએ સમાતા નથી, ત્યાં રંગમાં ભંગ પડ્યો. રાડ ગઈ કે કુંવરને માર્યો.

‘‘અરે કોણે ?’’

‘‘કોક મુસાફરે.’’

‘‘ખોટી વાત. આજ કોનો દિ’ ફર્યો છે ?’’

‘‘અરે બાપુ, આ મારીને જાય ઊભે માર્ગે-ઉઘાડી તલવારે !’’

‘‘હાં ! લાવ મારી ઘોડી !’’

રૂપિયા બે હજારની રોઝડી ઘોડી : હાથીના કુંભાથળ માથે જાતી ડાબા માંડે તેવી, ભાગતા હરણની સાથે ભેટા કરનારી.

એને ફક્ત ચોકડાભર મંદોદરખાને રાંગમાં લીધી. સાથળ હેઠે તલવાર દબાવી અને રોઝડીને ડચકારી, જાણે તીર છૂટ્યું !

ઝમ ! ઝમ ! ઝમ ! આંખના ત્રણ પલકારા ભેગી તો ઘોડી સીમાડે પહોંચી. સમથળ ધરતીમાં સામે જુએ ત્યાં તો આદમીને ભાગતો ભાળ્યો. હાથમાં ઉઘાડી તલવાર પિયાલા જેવી ચકચકે છે. સમજી લીધું કે એ જ ખૂની. મંદોદરખાને ઘોડીને ચાંપી.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

મહેમાન દોડ્યો જાય છે ત્યાં ડાબલા સંભળાણા; થંભી ગયો. પાછો ફરીને જોતાંની વાર જ જાણી લીધું કે પોતાનો કાળ આવી પહોંચ્યો. હવે પોતે પગપાળો તે ભાગીને કેટલેક જશે ? આમેય મરવું તો છે જ. માટે હવે ચીંથરાં શીદ ફાડવાં ?

ઊભો રહ્યો : બોલીને તો કાળને અટકાવાય એવું રહ્યું નથી. ખુલાસો કરવાનો વખત નથી રહ્યો. એટલે સામા ઊભા રહીને આ મુસાફરે પોતાની તલવાર પોતાને જ ગળે માંડી.

અસવાર એ સમસ્યાને સમજી ગયો, જાણ્યું કે કોઈ ત્રાગાળું વરણ લાગે છે અને હું આગળ વધીશ તો એ તલવાર ગળામાં પરોવીને મારે સીમાડે લોહી છાંટશે, એમ સમજી એણે રોઝડીને થંભાવી આઘેથી પૂછ્યું :

''કોણ છો ?''

''ચારણ.''

''શા માટે આવ્યો'તો ?''

''કાળનો બોલાવ્યો. ભેંસ્યું બધી મરી ખૂટી.... છોકરાં છાશ-રાબ વગર રોવે છે.... નો'તો આવતો, પણ ચારણ્યે ધકેલ્યો-મંદોદરખાનની વાસના માથે'' અવાજ તૂટક-તૂટક નીકળે છે.

''કુંવરને તેં માર્યો ?''

''ઈશ્વર જાણે !'' ચારણે આભ સામે હાથ કર્યો. ''મને ખબર નથી. હું તો એટલું જ જાણું છું કે મારે ડેલીએ આવવું હતું. ચીંથરાં પહેર્યાં હશે તો ભૂંડો દેખાઈશ એમ માનીને ભેળી લૂગડાંની એક કોરી જોડ્ય હતી તે ગામ બહાર બદલાવી. ઘેરૈયા મને રોળવા આવ્યા. મેં એમાંથી ઊગરવા મ્યાનમાં બીડેલી તલવાર વીંઝી. મ્યાન ક્યારે નીકળી પડ્યું તેની મને એ ધૂળની આંધીમાં ખબર નથી રહી.''

આટલી વાત થાય છે ત્યાં પછવાડે ગોકીરા સંભળાયા. કાળી ચીસો પાડતું ગામ આખું હલકીને ચાલ્યું આવે છે. કોઈના હાથમાં તલવારો, તો કોઈના હાથમાં સાંબેલાં. ઘો ! ઘો ! ઘો ! એવો દેકારો બોલતા આવે છે.

ભાળતાં જ ચારણે ફાળ ખાધી. મંદોદરખાને રોઝડીને માથેથી રાંગ છાંડી પોતાની તલવાર આઘેરી ફગાવી દીધી અને પછી સાદ કર્યો : ''ગઢવા, અહીં આવ. આ લે.''

''શું ?''



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



“આ મારી ઘોડી આપું છું. ચડીને ભાગવા માંડ.”

“શું બોલો છો ?”

“ગઢવા, વાત કરવાની વેળા નથી. જોયું ? આમ ગામ હલક્યું છે અને તેં એના કુંવરને મારી નાંખ્યો છે. આંબ્યા ભેળા તારી કાયાના રાઈરાઈ જેવા કટકા જાણજે –”

“અરે પણ ભાઈ – તમે ?”

“હું ? મારી ઓળખાણ અટાણે નહિ, પછી. અટાણે તો ભાગી નીકળ, નીકર તારાં છોકરાં રઝળી પડશે અને ગામલોકો તામાં ને તામાં મારા રોક્યા રહેશે નહિ.”

“પણ બાપ, તારું નામ –”

“અરે નામ ખુદાનું !” કહીને મંદોદરખાન દોડ્યા. ચારણને બાવડે ઝાલીને રોઝડી પર બેસાડ્યો. ચોકડું હાથમાં આપીને વાંસેથી રોઝડીને ડચકારી.

પૂંછનો ઝૂંડો માથે કરતી ઘોડી ગઈ, જોતજોતામાં તો અલોપ થઈ.

મંદોદરખાન અડવાણે પગે પાછા ચાલ્યા આવે છે. રાંગમાં રોઝડી નથી, કાખમાં તલવાર નથી. ગામલોકોએ દોડીને પૂછ્યું : “કાં બાપુ ?”



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

‘‘માળો લોંઠકો આદમી ! મને જીતવા ન દીધો ને તલવાર ને ઘોડી બેઉ લઈ ગયો !’’

‘‘અરે રાખો રે રાખો, બાપુ !’’ વસ્તીએ ખિજાઈને કહ્યું, ‘‘ફણિધરને માથેથી મણિ લઈ જાય તો જ મંદોદરખાનની રાંગમાંથી રોઝડી લેવાય. ઠાલા મૂરખ શું બનાવો છો અમને ? સાત ખોટનો એક દીકરો; એના મારાને ઊલટો ભગવ્યો ?’’

‘‘લ્યો, હવે જાતી કરો.’’ દરબારે શાંતિથી જવાબ વાળ્યો.

‘‘જાતી શું કરે ! એને પાતાળમાંથી પણ ગોતી કાઢશું.’’

‘‘ભાઈ !’’ મંદોદરખાન બોલ્યા : ‘‘તમે તે કાંઈ દીવાના થયા ? એણે શું મારા દીકરાને જાણીબૂજીને માર્યો’તો ? એને ઘેર એવા કેટલા દીકરા ભૂખે મરે છે જાણો છો ? કોડભર્યો એ મારે ઉંબરે આવ્યો અને દૈવગતિએ દીકરો મર્યો એ તો ખુદાતાલાની મરજી. આપણા કિસ્મતમાં નહિ હોય એટલે ખડી ગયો, પણ એટલા સારું હું જ આજ ઊજળે દિવસે મારા સીમાડા માથે સામી હત્યા વહોરું ? હાલો, બેટાની મૈયત કાઢીએ.’’

## શબ્દસમજૂતી

**કોરેમોરે** આજુબાજુ, ફરતે **હેડીહેડીના** સરખે સરખા **પરબ** પર્વ, તહેવાર **ગુલતાન** મશગુલ **રોળવું** રગદોળવું (અહીં) રંગ છાંટીને ખૂબ રંગવું **ગોઠ્ય** ગોઠ, ભેટ (ખાસ કરીને હોળીના દિવસોમાં ગુલાલ, રંગ વગેરે છાંટનારને અપાય છે તે) **બાસ્તા જેવું** ખૂબ ધોળું અને સ્વચ્છ (‘બાસ્તો’ એટલે એક જાતનું સુતરાઉ કાપડ) **પાસાબંધી** કસવાળું (અંગરખું, બંડી વગેરે ભીડવાની દોરી-બટનને બદલે-કસ તરીકે ઓળખાય છે.) **ડોરણું** બોરિયું, બટન **બગસરા** અમરેલી જિલ્લાનું એક ગામ **પછેડી** ઓઢવાની જાડી ચાદર **વહરું** કદરૂપું **સોતું** સહિતનું, સાથેનું **ઝાંવાં** મથામણ **જોખમાવું** (અહીં) જખમાવું, ઘાયલ થવું **હડી** દોટ **કુંભાથળ** કુંભસ્થળ, હાથીના માથા પર બે બાજુ ઊપસી આવેલો ભાગ **ડાબો** ઘોડાનો ડાભલો-નાળ **રાંગમાં લેવી** સવાર થવું **તામાં ને તામાં** ઉશ્કેરાટમાં **લોંઠકો** શક્તિવાળો **મર્મમાં કહેવું** કટાક્ષમાં કહેવું **ચાનક** ઉત્સાહ **ચડે ભરાવું** જીદ ઉપર આવવું **કેર** જુલમ **ત્રાગાળું વરણ** પોતાની માગણી માટે, ટેક માટે કે મુશ્કેલીના સમયે પોતાનો જીવ કાઢી આપનાર જાતિ (અહીં) ચારણ **ફાળ ખાવી** ડર લાગવો **જાતી કરવી** માફ કરવું



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## રૂઢિપ્રયોગો

**માઝા છાંડવી** – મર્યાદા ઓળંગી જવી **નાડ રજા લે તેવું થવું** – મરણ પામવાની તૈયારી હોવી **વાટકીનું શિરામણ હોવું** – ઓછી આવકવાળું **પેટ મોટું હોવું** – ઉદાર દિલના હોવું **'દિ ફરવો** – કુબુદ્ધિ સૂઝવી **હામ ન હોવી** – હિંમત ન હોવી **ચીંથરાં ફાડવાં** – નકામી કે આડી વાત કરવી

## ભાષાસજ્જતા

**સંધિ :** બે કે વધારે શબ્દો જ્યારે અમુક ચોક્કસ નિયમોને આધારે જોડાય ત્યારે 'સંધિ' થઈ એમ કહેવાય.

સંધિના બે પ્રકાર છે : સ્વરસંધિ અને વ્યંજનસંધિ.

**સ્વરસંધિ :** સંસ્કૃત ભાષામાં એક શબ્દને છેડે આવતો સ્વર, બીજા શબ્દની શરૂઆતમાં આવતા સ્વર સાથે જોડાય ત્યારે **'સ્વરસંધિ'** થઈ એમ કહેવાય છે.

**દા.ત.,** કવિ + ઈન્દ્ર, વિ(વ્ + ઇ)માંનો ઇ(હ્રસ્વ), 'ઇન્દ્ર'ના 'ઇ'(હ્રસ્વ) સ્વર સાથે જોડાતાં ('ઇ' હ્રસ્વ + 'ઇ' હ્રસ્વ = ) 'ઈ' (દીર્ઘ) થાય છે, પરિણામે કવિ + ઈન્દ્ર = કવીન્દ્ર (સંધિ) થાય છે. આને **'સ્વરસંધિ'** કહે છે.

| | ઉદાહરણ | | સંધિ | નિયમ |
|---|---|---|---|---|
| 1. | (ક) | સૂર્ય + અસ્ત | સૂર્યાસ્ત | અ + અ = આ |
| | (ખ) | શિવ + આલય | શિવાલય | અ + આ = આ |
| | (ગ) | વિદ્યા + અર્થી | વિદ્યાર્થી | આ + અ = આ |
| | (ઘ) | દયા + આનંદ | દયાનંદ | આ + આ = આ |



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

| | | | | |
|---|---|---|---|---|
| 2. | (ક) | રવિ + ઈન્દ્ર | રવીન્દ્ર | ઈ + ઈ = ઈ |
| | (ખ) | પરિ + ઈક્ષા | પરીક્ષા | ઈ + ઈ = ઈ |
| | (ગ) | દેવી + ઈચ્છા | દેવીચ્છા | ઈ + ઈ = ઈ |
| | (ઘ) | રજની + ઈશ | રજનીશ | ઈ + ઈ = ઈ |
| 3. | (ક) | સુ + ઉક્તિ | સૂક્તિ | ઉ + ઉ = ઊ |
| | (ખ) | સિન્ધુ + ઊર્મિ | સિન્ધૂર્મિ | ઉ + ઊ = ઊ |
| 4. | (ક) | ઉપ + ઇન્દ્ર | ઉપેન્દ્ર | અ + ઇ = એ |
| | (ખ) | યથા + ઇષ્ટ | યથેષ્ટ | આ + ઇ = એ |
| | (ગ) | યોગ + ઈશ | યોગેશ | અ + ઈ = એ |
| | (ઘ) | ઉમા + ઈશ | ઉમેશ | આ + ઈ = એ |
| 5. | (ક) | સૂર્ય + ઉદય<br>પ્રણય + ઊર્મિ | સૂર્યોદય<br>પ્રણયોર્મિ | અ + ઉ/ઊ = ઓ |
| | (ખ) | મહા + ઉદય<br>ગંગા + ઊર્મિ | મહોદય<br>ગંગોર્મિ | આ + ઉ/ઊ = ઓ |
| 6. | | પુત્ર + એષણા<br>સદા + એવ | પુત્રૈષણા<br>સદૈવ | અ/આ + એ = ઐ |
| 7. | | સપ્ત + ઋષિ<br>મહા + ઋષિ | સપ્તર્ષિ<br>મહર્ષિ | અ/આ + ઋ = અર્ |



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**વ્યંજન સંધિ :** વ્યંજન પછી વ્યંજન કે સ્વર આવે અને જોડાઈ જાય એને 'વ્યંજન સંધિ' થઈ એમ કહેવાય છે.

**દા.ત.,** 'તદ્ + લીન' માં દ્ + લ્ વ્યંજન છે, બંને વ્યંજનો જોડાતાં (સંધિ થતાં) 'તલ્લીન' થાય છે. ત્ વર્ગ (દંત્ય વ્યંજનો ત્ થ્ દ્ ધ્ ન્)ના વ્યંજનો સાથે લ્ વ્યંજન આવે તો દંત્ય વ્યંજનનો લ્ થાય છે.

**વ્યંજન સંધિ સમજવા માટેનું કોષ્ટક**

| વર્ગ | વ્યંજન | અનુનાસિક |
|---|---|---|
| ક | ક્ ખ્ ગ્ ઘ્ | ઙ્ |
| ચ | ચ્ છ્ જ્ ઝ્ | ઞ્ |
| ટ | ટ્ ઠ્ ડ્ ઢ્ | ણ્ |
| ત | ત્ થ્ દ્ ધ્ | ન્ |
| પ | પ્ ફ્ બ્ ભ્ | મ્ |

| | | ઉદાહરણ | સંધિ | નિયમ |
|---|---|---|---|---|
| 1. | (ક) | જગત્ + ઈશ<br>જગદ્ + ઈશ (ત્ થ્ દ્) | જગદીશ | અનુનાસિક સિવાયના વ્યંજન પછી સ્વર કે ઘોષ વ્યંજન આવે તો વ્યંજનની જગ્યાએ તેના વર્ગનો ત્રીજો વ્યંજન મુકાય. |
| | (ખ) | ષટ્ + યંત્ર<br>ષડ્ + યંત્ર (ટ્ ઠ્ ડ્) | ષડ્યંત્ર | |
| | (ગ) | દિક્ + અંત<br>દિગ્ + અંત | દિગંત | |
| 2. | (ક) | આપદ્ + કાલ<br>આપત્ + કાલ (ત્ થ દ્) | આપત્કાલ | અનુનાસિક સિવાયના કોઈ પણ અઘોષ વ્યંજન આવે ત્યારે આગલા વ્યંજનને બદલે તેના વર્ણનો પહેલો વ્યંજન મુકાય. |
| | (ખ) | શરદ્ + પ્રકોપ<br>શરત્ + પ્રકોપ (ત્ થ્ દ્) | શરત્પ્રકોપ | |



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

| | | | | |
|---|---|---|---|---|
| 3. | (ક) | સત્ + જન<br>સદ્ + જન<br>સજ્ + જન | સજ્જન | 'ત્' વર્ગના વ્યંજન પછી 'ચ્' વર્ગનો વ્યંજન કે 'શ્' આવે તો 'ત્' વર્ગના વ્યંજનને બદલે તેને મળતો 'ચ્' વર્ગનો વ્યંજન આવે. |
| | (ખ) | ઉદ્ + જ્વલ<br>ઉજ્ + જ્વલ | ઉજ્જ્વલ | |
| 4. | (ક) | નિસ્ + ચિન્ત | નિશ્ચિંત | 'સ્' પછી 'ચ્' કે 'છ્' આવે તો 'સ્'નો 'શ્' થાય છે. |
| | (ખ) | નિસ્ + છંદ | નિશ્છંદ | |
| | (ગ) | નિસ્ + ચલ | નિશ્ચલ | |
| 5. | (ક) | નિસ્ + કામ | નિષ્કામ | 'સ્' પછી 'ઇ' કે 'ઉ' આવે ને 'સ્'ની પછી 'ક્', 'ખ', 'પ્' કે 'ફ' આવે તો 'સ્'નો 'ષ્' થાય છે. |
| | (ખ) | દુસ્ + પ્રાપ્ય | દુષ્પ્રાપ્ય | |
| | (ગ) | નિસ્ + ફળ | નિષ્ફળ | |
| 6. | (ક) | અધસ્ + ગતિ<br>અધઉ + ગતિ | અધોગતિ | 'સ્'ની પૂર્વે 'અ' અને પછી ઘોષ વ્યંજન આવે તો 'સ્'નો 'ઉ', પછી પૂર્વેના 'અ' સાથે મળી 'ઉ'નો 'ઓ' થાય છે. |
| | (ખ) | મનસ્ + હર<br>મનઉ + હર | મનોહર | |
| | (ગ) | મનસ્ + રથ<br>મનઉ + રથ | મનોરથ | |
| 7. | (ક) | ઉદ્ + શ્વાસ<br>ઉત્ + શ્વાસ<br>ઉચ્ + છ્વાસ | ઉચ્છ્વાસ | અનુનાસિક સિવાયના સ્પર્શવ્યંજન પછી 'શ્' આવે, તો'શ્'નો 'છ્' થાય છે. |
| | (ખ) | ચિદ્ + શક્તિ<br>ચિત્ + શક્તિ<br>ચિચ્ + છક્તિ | ચિચ્છક્તિ | |
| 8. | (ક) | વિ + સમ | વિષમ | 'સ્' થી શરૂ થતા શબ્દ પહેલાં જોડાયેલા શબ્દને અંતે 'અ' કે 'આ' સિવાયનો સ્વર હોય તો 'સ્'નો 'ષ્' થાય છે. |
| | (ખ) | અભિ + સિક્ત | અભિષિક્ત | |
| | (ગ) | સુ + સમા | સુષ્મા | |



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## અભ્યાસ

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધીને તેનો ક્રમ અક્ષર પ્રશ્ન સામેના ☐ માં લખો : (પંક્તિમાં કયો ભાવ રજૂ થયો છે તે ઓળખો.)**

(1) ‘‘એલા મે’માનને કોઈ છાંટશો મા !’’ ☐

(ક) મર્મ (ખ) ઉપેક્ષા (ગ) દયા (ઘ) લાગણી

(2) ‘‘મને રોળશો મા ! ભલા થઈને મને છાંટશો મા ! તમારે પગે લાગુ !’’ ☐

(ક) હઠ (ખ) હુકમ (ગ) આજીજી (ઘ) સૂચના

(3) ‘‘ખોટી વાત, આજ કોનો દિ’ ફર્યો છે ?’’ ☐

(ક) ગર્વ (ખ) આશ્ચર્ય (ગ) જિજ્ઞાસા (ઘ) દિલેરી

(4) ‘‘હાલો, બેટાની મૈયત કાઢીએ.’’ ☐

(ક) અવહેલના (ખ) ઉદારતા (ગ) સ્વસ્થતા (ઘ) મક્કમતા

**2. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર આપો :**

(1) ઝવેરચંદ મેઘાણીને ગાંધીજીએ કયું બિરૂદ આપ્યું હતું ?

(2) દેવળિયા ગામમાં કયા તહેવારની ઊજવણી થઈ રહી હતી ?

(3) ગામડાની ધુળેટીમાં ઘેરૈયાઓને શેનાથી રંગવામાં આવે છે ?

(4) મહેમાને પોતાને રંગવાની કેમ ના પાડી ?

(5) મહેમાનને રંગવાના આગ્રહનું શું પરિણામ આવ્યું ?

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :**

(1) દેવળિયા ગામમાં ધુળેટીની ઊજવણી કેવી રીતે થઈ રહી હતી ?

(2) કુંવરનું મૃત્યુ શી રીતે થયું ?

(3) રાજાએ પોતાના દીકરાના મારનારને કેમ છોડી મૂક્યો ?

(4) મંદોદરખાનને પાછળ આવતા જોઈ મુસાફરે શું કર્યું ? શા માટે ?

(5) મંદોદરખાને ગામલોકોને શું કહીને શાંત પાડ્યા ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

2. આ પાઠમાંથી લોકબોલીનાં પાંચ વાક્યો લખો.

3. (અ) નીચેના શબ્દોનો વાક્યોમાં પ્રયોગ કરી અર્થસભર ફકરો લખો :

પડછંદ, પાદર, પુરુષ, પાણી, પથ્થર, પાતાળ, પૃથ્વી, પ્રેમ, પડકાર, પગ.

(બ) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ લખો :

પ્રભાત, જુવાન, ફૂલ, મહેમાન, નસીબદાર, સુવાસ.

(ક) નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દ લખો :

ભૂંડો, કોરી, પછવાડે, મૂરખ, ઊલટો, પાતાળ.

4. ‘દીકરાના મારનાર પ્રત્યેની મંદોદરખાનની ઉદારતા’ એ વિશેના વર્ણનનાં વાક્યો પાઠમાંથી શોધી ટૂંક નોંધ લખો.

**પ્રવૃત્તિઓ**

- નીચેના શબ્દોના અર્થ શબ્દકોશમાંથી શોધો :

  ઘેરૈયા, હેડીહેડીના, ગાંડાતૂર, કાખ, ગોકીરા.

- પુસ્તકાલયમાંથી અન્ય લોકવાર્તાઓ મેળવીએ વાંચો.

•




Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 10 અઢી આના

**સ્વામી સચ્ચિદાનંદ**

**જન્મ : 1932**



પાટણ જિલ્લાના સમી તાલુકાનું મુજપુર ગામ એ સ્વામી સચ્ચિદાનંદનું વતન. હાલ તેઓ પેટલાદ નજીક દંતાલી પાસે ભક્તિનિકેતન આશ્રમ સ્થાપીને લોકકલ્યાણની અનેકવિધ પ્રવૃત્તિઓ કરી રહ્યા છે. તેઓ આપણા આધુનિક યુગના ક્રાંતિકારી વિચારો ધરાવનાર સંન્યાસી છે. ''મારા અનુભવો'', ''વિદેશયાત્રાના પ્રેરક પ્રસંગો'', ''ધર્મ'', ''ચાલો, અભિગમ બદલીએ'', ''છેલ્લી ટ્રેઈન'' વગેરે પુસ્તકોમાં સમાજ, રાષ્ટ્ર અને માનવકલ્યાણના પુરસ્કર્તા આ જીવનચિંતકના સ્પષ્ટ અને નીડર વિચારો વેધકતાથી રજૂ થયા છે.

આત્મકથાના આ અંશમાં વિદ્યાભ્યાસ માટે લેખકની લગની અને એ માટે એમણે કરેલી મથામણ અને વેઠેલી મુશ્કેલીઓનો પ્રેરણાદાયી ચિતાર રજૂ થયો છે. જિજ્ઞાસાપ્રેરક પ્રસંગકથન અને સંઘર્ષજન્ય પરિસ્થિતિ નિરૂપણને રોચક બનાવે છે.

---

બાલ્યકાળમાં મેં પાઠશાળામાં થોડા શ્લોકો તથા રુદ્રી વગેરેનું અધ્યયન કરેલું. પણ વ્યાકરણ વગેરે કશું જાણું નહિ. મને રહીરહીને થયા કરતું હતું કે જો મારે સારી રીતે ધર્મપ્રસાર કરવો હોય તો સંસ્કૃત વિદ્યા ભણવી જોઈએ. મારી ત્રેવીસ વર્ષની ઉંમર થઈ ગઈ હતી અને હું હવે મને પોતાના ભણવા માટે ઘણી મોટી ઉંમરનો માનતો હતો. સુરપુરાના એક મહિનાના નિવાસ દરમિયાન અધ્યયન કરવાના મારા વિચારો પાકા થયા. મારી ઈચ્છા હતી કે હું એક-બે વર્ષ થોડું વ્યાકરણ શીખી લઉં. સંસ્કૃત શ્લોકોને સમજી શકું એટલે બસ. મેં સુરપુરામાંથી જ સીધા મથુરા-વૃંદાવન જવાનું નક્કી કર્યું. મને વિદાય આપવા આખું ગામ હિલોળે ચઢ્યું હતું. સૌની આંખમાં અશ્રુ હતાં. દર વર્ષે અહીં આવવાનું એવો સૌનો આગ્રહ હતો. ધર્મના નામે અસંખ્ય લોકોએ અસંખ્ય અણગમા ઊભા કર્યા હોવા છતાં આજે પણ જો કોઈ નિઃસ્પૃહ વ્યક્તિ ગામમાં આવી જાય તો લોકો ભાવવિભોર થઈ જતા હોય છે. અનિયંત્રિત સાધુઓ તથા ભિક્ષુકો, તાંત્રિકો, જ્યોતિષિઓ વગેરે પ્રજામાં અનિશ્ચિત અને ગ્લાનિ ઉપજે તેવું વાતાવરણ બનાવતા-છોડતા ફરતા હોય છે. જો આ બધાને વ્યવસ્થિત તથા નિશ્ચિત કરી શકાય તથા ગળણીથી ગાળીને યોગ્ય-અયોગ્ય હિત-અહિતનો ભેદ કરી શકાય તો ધાર્મિક ક્ષેત્રમાં બહુ મોટું કાર્ય થઈ શકે તેમ છે. પણ તેવું થઈ શકે એવું દેખાતું નથી.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ઊંઝાથી ટ્રેન દ્વારા હું રવાના થયો. ગામલોકોએ મને ત્રીસ રૂપિયા આગ્રહ કરીને આપ્યા હતા. હવે મને લાગ્યું કે જો મારે અધ્યયન કરવું હોય તો પૈસાની જરૂર પડશે એટલે સ્પર્શ નહિ કરવાનો નિયમ ચાલી નહિ શકે.

અજમેર રોકાઈને હું મથુરા આવ્યો. હું ઊતર્યો હતો તેની સામે જ જમુનાજીનો ભરપૂર પ્રવાહ. હું બેઠોબેઠો ઘણીવાર આગંતુક શ્રદ્ધાળુઓને જોતો. તેઓ જમુનાજીને ખૂબ જ પૂજ્ય માનતા. પૂજ્ય માનવા છતાં સ્વચ્છતા જરાય ના રાખતા. ગંદકીનો પાર નહિ. લોકો બોલતા ''જમના મૈયા કી કૃપા સે'' ''મારા મનમાં પ્રશ્નો થતા : આ જલપ્રવાહ પણ કૃપા કરતો હશે ? પ્રકૃતિપૂજનમાં અટવાયેલા માણસોને નથી તો એકબ્રહ્મનિષ્ઠા થતી કે નથી પ્રાકૃતિક સૌંદર્યની પ્રતીતિ થતી. બસ, કર આચમન, માર ડૂબકી, કર ઘોંઘાટ અને ધક્કામુક્કી કરીને નીકળ બહાર. ચારે તરફ ગંદકી જ ગંદકી ! થઈ ગઈ ધાર્મિકતા, કરી લીધું કલ્યાણ.''

થોડા દિવસ મથુરા રહીને હું વૃંદાવન પહોંચ્યો. નાની ગાડીમાંથી જ મને એક મોટો આશ્રમ





Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

દેખાયો. નામ પણ ઘણા મોટા અક્ષરોએ લખાયું હતું : શ્રોતમુનિ આશ્રમ. મેં નક્કી કર્યું કે સ્ટેશને ગાડી ઊભી રહેશે પછી જ આ આશ્રમમાં રહેવા-ભણવા માટે જઈશ. નિર્ણય પ્રમાણે રેલવે સ્ટેશનથી આવ્યો તથા મારી વાત જણાવી કે મારે સંસ્કૃત ભણવું છે. મને રહેવાની તથા ભણવાની સગવડ અહીં મળી શકશે ? આશ્રમના વ્યવસ્થાપક સ્વામીજીએ કહ્યું કે "હમારે પંડિતજી આપકો પઢને દેંગે. લેકિન રહને કી જગહ નહીં હૈ" મેં પૂછ્યું કે તો બીજી કોઈ જગ્યા હોય તો બતાવો. તેમણે મને દૂર આવેલા 'પરમહંસ આશ્રમ'નું નામ આપ્યું અને ત્યાં જવા સૂચન કર્યું. સાથોસાથ 'લઘુકૌમુદી' લઈને આવતી કાલે ભણવા આવી જવા પણ સૂચવ્યું.

વિશાળ આશ્રમના બંધ પડેલા પચાસેક રૂમોને જોતાંજોતાં હું બહાર નીકળ્યો અને પરમહંસ આશ્રમ જતાં પહેલાં લઘુકૌમુદી ખરીદી લેવા બજારમાં ગયો. ગીતા પ્રેસ ગોરખપુરની દુકાને સસ્તાં તથા સારાં પુસ્તકો મળતાં હતાં. મેં "લઘુકૌમુદી" જોઈ. તેનું મૂલ્યા સાડા દસ આના (લગભગ 65 પૈસા) હતું. મારી પાસે માત્ર આઠ જ આના બચ્યા હતા. બાકીના અઢી આના (પંદર પૈસા) લાવવા ક્યાંથી ? હું નિરાશ થયો. પુસ્તક પાછું આપ્યું. સંસ્કૃત ભણવાની તીવ્ર તાલાવેલી હતી. હવે શું કરવું ? લગભગ માઈલ-દોઢ માઈલ દૂર પરમહંસ આશ્રમે પહોંચ્યો.

પરમહંસ આશ્રમ એટલે જેને કોઈ આશ્રમમાં સ્થાન ન મળે તેને માત્ર ઊતરવાની જગ્યા. પાણી પીવાના કૂવા સિવાય બીજી કોઈ સગવડ નહિ. અન્નક્ષેત્રમાં ભોજન કરો અથવા ભૂખ્યા રહો. અહીં પોતાનું પાથરણું પાથરીને સૂઓ અને કૂવાનું પાણી પીઓ. માત્ર એક લંગોટી લગાવીને જ રહેતા સ્વામી બીરગિરિજી તેનું સંચાલન કરતા. માણસ બહુ જ સારા, ભલા અને સમજુ. મને થોડી પૂછપરછ કરીને પછી એક ખુલ્લી રવેશીમાં આસન લગાવવા કહ્યું. અહીં રસોડું ન હતું એટલે જમવાનો તો પ્રશ્ન જ ન હતો. હું મારું જ પાથરણું પાથરીને બેઠો અને ચિંતામાં પડી ગયો.

આવતી કાલથી ભણવાનું શરૂ કરવું છે પણ લઘુકૌમુદી વિના કેમ ભણાશે ? અઢી આના લાવવા ક્યાંથી ? વાતાવરણ અજાણ્યું હતું. કોઈની પાસે કશી વાત કરી શકાય તેમ ન હતી. શું કરવું ? કેટલોક સમય ગમગીન રહ્યા પછી ચમકારો થયો : વૃંદાવનના મુખ્ય મંદિર બિહારીજીના દર્શન કરવા જા અને કોઈ સજ્જન દેખાય તો અઢી આના માગ. કોઈ તે જરૂર આપી દેશે.

બીરગિરિજીને કહીને હું નીકળ્યો પાછો વૃંદાવન જવા. સામે આવતી પ્રત્યેક વ્યક્તિને હું આશા અને લાલચભરી દૃષ્ટિથી જોતો. કદાચ આ માણસ મને અઢી આના આપે. પણ માગવાની હિંમત ના ચાલે. કદાચ ના પાડશે તો ? કદાચ અપમાન કરશે તો ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

માણસમાં જ્યારે યાચનાવૃત્તિ જાગે છે ત્યારે તેનું તેજ, ખુમારી અને વ્યક્તિત્વ ઢીલુંઢસ જેવું થઈ જાય છે તેનો મને પ્રતિક્ષણ અનુભવ થવા લાગ્યો. લગભગ દોઢ માઈલના રસ્તા ઉપર કેટલાંય માણસો સામે મળ્યાં. મેં સૌને નિહાળ્યાં, પણ કોઈની પાસે અઢી આના માગી શક્યો નહિ. બિહારીજીનું મંદિર હવે નજીક આવી ગયું હતું. મને થઈ ગયું કે હું અઢી આના માગી શકીશ નહિ અને પુસ્તક વિના ભણી શકીશ નહિ. નિરાશા વધી ગઈ હતી. તેવામાં મારી દૃષ્ટિ રોડ ઉપર બેસીને ટોપલામાં ફળો વેચતા એક માણસ ઉપર પડી. કોઈ અગમ્ય પ્રેરણાથી હું તેની પાસે ગયો. મારી હથેળીમાં રાખેલા આઠ આના તેને બતાવ્યા અને કહ્યું, ‘‘મારે એક સંસ્કૃત પુસ્તક જોઈએ છે. અઢી આના ખૂટે છે. જો તમે મને આપશો તો હું તમને જ્યારે મને મળશે ત્યારે પાછા આપી દઈશ. પણ જો નહિ મળે તો નહિ આપું.’’

કશો જ વિચાર કર્યા વિના તેણે મને તરત જ અઢી આના આપી દીધા. મારા આનંદનો પાર ન હતો. મને થયું, નરસિંહ મહેતાની હૂંડી ભગવાને આવી જ રીતે સ્વીકારી હશે. ઝડપથી હું પેલી દુકાન તરફ દોડ્યો. દુકાન બંધ થઈ રહી હતી. દુકાનદારે મને પુસ્તક આપ્યું. જાણે સ્વર્ગનો ખજાનો મળી ગયો હોય તેટલા હરખથી હું પાછો ફર્યો. હું મૂર્તિપૂજામાં બહુ માનતો નહિ તેમ છતાં કોઈકોઈ વાર પ્રસિદ્ધ મંદિર વગેરે હોય તો દર્શન કરવામાં પણ બાધ માનતો નહિ. બિહારીજીનાં દર્શન કરીને દિવસ આથમ્યા પછી આશ્રમમાં આવ્યો. આ આશ્રમને બંધ કરવાનો દરવાજો હતો જ નહિ તેમ વીજળી પણ હતી નહિ. એટલે કોઈ ને કાંઈ કહ્યાં વિના ચુપચાપ પોતાના આસને જઈ બેસી ગયો. મને બરાબર યાદ છે કે એક મહિના સુધી મારી પાસે કશું આવ્યું ન હતું. એક મહિના પછી એક રૂપિયો મળ્યો હતો, જેમાંથી અઢી આનાનું દેવું મેં તરત જ ચૂકવી દીધું હતું. અઢી આના ચૂકવી દેવાનું મહત્ત્વ નથી, પણ જે સ્થિતિમાં શ્રી ભગવાનદાસે મને અઢી આના આપ્યા હતા તેનું મહત્ત્વ છે. આવા પ્રસંગો જીવનભર વીસરાવા જોઈએ નહિ.

(‘‘મારા અનુભવો’’માંથી)

## શબ્દસમજૂતી

**અઢી આના** હાલના લગભગ પંદર પૈસા **નિઃસ્પૃહ** જેને કશું મેળવવાની ઈચ્છા ન હોય એવો **ભાવવિભોર** લાગણીવશ **અધ્યયન** અભ્યાસ **સ્પર્શ નહિ કરવાનો નિયમ** સંન્યાસીઓ ભૌતિક સંપત્તિને અનિષ્ટનું મૂળ જાણે છે એટલે નાણાંને સ્પર્શ કરતા નથી એ હકીકતનો અહીં નિર્દેશ છે. **યાચનાવૃત્તિ** માગવાની ઈચ્છા **આગંતુક** નવા આવનારા **એક બ્રહ્મનિષ્ઠા** પરમેશ્વર એક જ છે એવું સમજી એમાં નિષ્ઠા રાખવી તે **પ્રતીતિ** ખાતરી **લઘુકૌમુદી** સંસ્કૃત ભાષાના વ્યાકરણનું એક પુસ્તક **રવેશી** પડાળી **પ્રતિક્ષણ** પ્રત્યેક ક્ષણે, પળેપળ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## રૂઢિપ્રયોગો

**હિલોળે ચડવું** – ભીડરૂપે એકઠા થવું, ભેગું થવું **તાલાવેલી લાગવી** – આતુરતા, ચટપટી, તાલાવેલી **ઢીલાઢસ થઈ જવું** – સાવ ઢીલા થઈ જવું

## ભાષાસજ્જતા

આપણે અગાઉ બે અર્થાલંકારો વિશે જોઈ ગયાં.

હવે કેટલાક શબ્દાલંકારો વિશે જાણીએ.

**નીચેનાં વાક્યો વાંચો :**

- કામિની કોકિલા કેલી કૂજન કરે.
- કાળા કરમનો કાળો મોહન કાળું એનું કામ !

ઉપરનાં બેઉ વાક્યોમાં તમે કઈ વાત નોંધી ? તમે જોશો કે એ વાક્યોમાં ‘ક’ વર્ણનો વારંવાર ઉપયોગ, ચમત્કૃતિ સર્જીને ભાષાને શોભાવે છે. અહીં શબ્દ દ્વારા ભાષા શોભતી હોઈ આ શબ્દાલંકાર બને છે. પરંતુ સાથે સાથે અહીં વર્ણનું મહત્ત્વ હોઈ આ અલંકાર વર્ણાનુપ્રાસ અલંકાર છે. આ પ્રકારનાં બીજાં ઉદાહરણ પાઠ્યપુસ્તકમાંથી શોધો.

અલંકારનો વિસ્તારથી અભ્યાસ નવમા ધોરણમાં કરવાનો થશે.

## અભ્યાસ

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધીને તેનો ક્રમ અક્ષર પ્રશ્ન સામેના ☐ માં લખો :**

(1) અઢી આના એટલે આજના કેટલા પૈસા થાય ? ☐

(ક) બાર (ખ) પંદર (ગ) વીસ (ઘ) પચીસ

(2) લેખકને અઢી આનાની જરૂર શા માટે હતી ? ☐

(ક) આશ્રમમાં રહેવા (ખ) જમવા (ગ) પુસ્તક ખરીદવા (ઘ) વાપરવા

(3) ખૂટતા અઢી આના લેખકને કોની પાસેથી મળ્યા ? ☐

(ક) આશ્રમના સાધુ પાસેથી (ખ) દુકાનદાર પાસેથી

(ગ) ધનિક શેઠ પાસેથી (ઘ) ફળના ટોપલાવાળા પાસેથી

(4) લેખકને કયું પુસ્તક ખરીદવું હતું ? ☐

(ક) લઘુકૌમુદી (ખ) રુદ્રી (ગ) ગીતા (ઘ) મહાભારત



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(5) લેખકે અઢી આના ક્યારે પરત કર્યા ?

(ક) બીજે દિવસે (ખ) એક માસ પછી

(ગ) ક્યારેય નહિ (ઘ) સપ્તાહ પછી

**2. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર આપો :**

(1) માણસમાં યાચનાવૃત્તિ જાગે છે ત્યારે તેને કેવો અનુભવ થાય છે ?

(2) લેખક કયો પ્રસંગ ન ભૂલવા સૂચવે છે ?

(3) સ્વામીજીને રહેવા માટે કયું સ્થળ મળ્યું ?

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :**

(1) સુરપુરાના લોકોએ સ્વામીજીને કેવી રીતે વિદાય આપી ?

(2) લેખક જમનાજીને સ્વચ્છ ન રાખનાર લોકો માટે શું કહે છે ?

(3) આ પાઠમાંથી આપણને શું શીખવાનું મળે છે ?

(4) ફળ વેચનાર માણસની ઉદારતા તમારા શબ્દોમાં વર્ણવો.

**2. પુસ્તકાલયની મુલાકાત લઈ ત્યાંના તમારા અનુભવો વર્ણવો.**

**3. નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ લખો :**

તાલાવેલી, અશ્રુ, ખુમારી, યાચના.

**4. ઉદાહરણ પ્રમાણે વિરુદ્ધાર્થી શબ્દ લખો :**

**ઉદાહરણ :** હિત × અહિત

(1) યોગ્ય × ......................... (2) મંગળ × .........................

(3) ધર્મ × ......................... (4) વ્યવસ્થા × .........................

(5) સ્વીકાર × ......................... (6) માન × .........................

### પ્રવૃત્તિઓ

- સ્વામી સચ્ચિદાનંદના બીજા પ્રેરક પ્રસંગો અને પ્રવાસ વર્ણનોવાળાં પુસ્તકો મેળવીને વાંચો.
- વિનોદિની નિલકંઠની કૃતિ 'બે રૂપિયા' અને કાકાસાહેબ કાલેલકરનાં પ્રવાસવર્ણનો મેળવીને વાંચો.

•



Downloaded from https:// www.studiestoday.com